البلاغ
AL-BALAG MONTHLY

## જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસરનું મુખપત્ર



# અલ-બલાગ

## માસિક

## માર્ચ - ૨૦૨૦

માનદ તંત્રી

**અહમદ યાકૂબ પટેલ**

મુહતમિમ : જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રી સ્થાનેથી | ૩ |
| શત્રુની સલાહ ન માનો. | ૪ |
| મઆરિફુલ હદીસ – ૧૪૧ | ૮ |
| હઝ. શેખ. રહ.ની ખાનકાહ | ૧૪ |
| ફરજ નમાઝ પછી દુઆ | ૧૯ |
| ગુનાહોના કારણે મુસીબતો | ૨૨ |
| જનાઝાની નમાઝ અને દફનવિધિ | ૨૬ |
| ફતાવા વિભાગ | ૨૮ |
| સ્કૂલ.. વિદાય – ઈનામ સમારંભ | ૩૧ |
| બોધકથા – ૧૦૩ | ૩૪ |
| The beauty of an Ummati is from their Akhlaq | ૩૫ |
| છેલ્લા પાને | ૩૮ |


માણસે હમેંશા અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરતા રહેવું જોઈએ. જીવનની કોઈ બાબતે અલ્લાહ તઆલા આજમાયશ અને કસોટી કરતા હોય તો પણ...

અલ્લાહ તઆલા અગર કોઈ બાબતે કસોટી કરતા હોય છે તો બીજી તરફ અનેક બાબતોમાં નેઅમતો અને રહમત પણ ફરમાવતા હોય છે.


**અલ બલાગ**

માસિક

માનદ તંત્રી :

**મુફ્તી અહમદ દેવલ્વી**

માર્ચ – ૨૦૨૦ ઈ.

જમાદિલ આખર – ૧૪૪૧ હિ.

વર્ષ – ૨૦, અંક – ૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦–૦૦

છુટક કિંમત : ૧૦–૦૦ રૂા.

https://www.jamiahjambusar.in/Al__Balag.php

| | | |
|---|---|---|
| ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે 'અલ બલાગ' માસિક અંગેની માલિકી અને અન્ય માહિતીનું નિવેદન | | |
| પ્રકાશન સ્થળ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત. |
| સામયિકતા | : | માસિક |
| મુદ્રક/સરનામું | : | જામિઅહ પ્રિન્ટીંગ પ્રેસ, જામિઅહ કોમ્પલેક્ષ બાયપાસ રોડ, જંબુસર, જી : ભરૂચ |
| પ્રકાશક/તંત્રીનું નામઃ | | અહમદ યાકૂબ પટેલ |
| રાષ્ટ્રીયતા/સરનામું | : | ભારતીય, બાયપાસ રોડ, જંબુસર, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. |
| માલિકનું નામ | : | જામિઅહ ઉલૂમુલ કુર્આન, જંબુસર, બાયપાસ રોડ, ૩૯૨૧૫૦, જી : ભરૂચ. ગુજરાત |

# જામિઅહનો ૨૨ મો ખત્મે બુખારી શરીફનો જલ્સો

## તા. ૧૫ માર્ચ - ૨૦૨૦ રવિવાર

જામિઅહના શૈખુલ હદીસ મવ. મુફતી અસ્જદ સાહેબ બુખારી શરીફનો છેલ્લો દર્સ પઢાવીને હદીસ શરીફની રોશનીમાં વઅઝ ફરમાવશે.

# જામિઅહનો ૨૨ મો વાર્ષિક દસ્તારબંદીનો જલ્સો

## તા. ૧ એપ્રિલ ૨૦૨૦, બુધવાર

## મહેમાને ખુસૂસી :

- **હઝરત અકદસ મવલાના મુફતી અહમદ ખાનપૂરી સા.દા.બ.**

આલિમ : ૪૭/હાફિઝ :૪૪/મુફતી :૧/કારી :૬૮

---

જામિઅહના રુકને શૂરા જનાબ મવ. ઈસ્માઈલ ડોકટર દયાદરાવાલા સાહેબના નાના ભાઈ જ. અબ્દુલ સુલેમાન ડોકટર પાછલા દિવસોમાં દયાદરા ખાતે ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. જામિઅહ પરિવાર હઝ. મવલાના અને સગાઓની સેવામાં તઅઝિયત પેશ કરે છે અને દુઆ કરીએ છીએ કે ખુદા તઆલા મરહૂમની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. સગાઓને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.

## તંત્રી સ્થાનેથી.

ભારતીય જનતા પાર્ટીએ જયારથી બંધારણના વિરુદ્ધ જઈને ધાર્મિક ભેદભાવ આધારિત નાગરિકતા કાયદો પસાર કર્યો છે, દેશભરમાં એનો વિરોધ થઈ રહયો છે. આ વિરોધથી જે અમુક બાબતો સામે આવી છે, તેનો સાર આ છે કે,

ભારતના ગેરમુસ્લિમોએ મોટી સંખ્યામાં મુસ્લિમો તરફે થઈ રહેલા અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવીને મુસ્લિમોને સાથ આપ્યો છે, અને પરિણામે પાછલા બે ત્રણ દશકથી મુસલમાનોને અલગ પાડી દેવાના પ્રયાસોને ધક્કો લાગ્યો છે. જેની સામા પક્ષને આશા ન હતી. દેશની લગભગ બધી જ રાજકીય પાર્ટીઓમાં ભાજપ એકલો પડી ગયો છે. મુસલમાનોએ આ તકને ઝડપીને ભારતમાં વસ્તી અન્ય કોમો પ્રત્યે પોતાનો સંબંધ વધારે મજબૂત અને સહકારી બનાવવાની જરૂરત છે.

સત્તાધારી પાર્ટીના વિચારો ફકત મુસ્લિમ વિરોધી નથી, બલકે અન્ય કોમો પણ એના ટાર્ગેટ ઉપર છે, એ વાત હવે બધા લોકોને સમજમાં આવવા માંડી છે.

દેશની અન્ય કોમો હવે શિક્ષિત – જાગૃત થઈ રહી છે, અને કોઈ પક્ષનો હાથો બનવા તૈયાર નથી, આ ફેરફારને હજુ સમય લાગશે, પણ શરૂઆત થઈ ચુકી છે.

વર્તમાન સરકાર એની બંધારણ વિરોધી નીતિઓ માટે સંપૂર્ણ પણે મીડીયા ઉપર આધારિત છે. અમુક તમુક લોકો નીતિઓ ઘડે છે અને પછી બહુમતિના જોરે સંસદમાં પસાર કરી દેવામાં આવે છે. સ્વંય પાર્ટીના સાંસદો પણ આ બાબતે અજ્ઞાન હોય છે, બલકે આટલા મોટા બહુમત વાળી પણ કાબેલ વ્યકિતઓથી ખાલી સરકાર ભારતીય લોકશાહીની પ્રથમ કલંકિત ઘટના છે.

પાછલા વરસોથી જે ખોટી બાબતોમાં મુસ્લિમ સમાજને બદનામ કરવામાં આવતો હતો, એ બધા આરોપો એમના જ કરતૂતોના ફળસ્વરૂપ ખોટા ઠરી રહયા છે. મુસ્લિમ સ્ત્રીઓ વિશેની ગેર સમજ શાહીન બાગ અને એના જેવા દેખાવો થકી દૂર થઈ ગઈ. જયશ્રી રામ કે ભારતમાતાકી જય બોલવાનો આગ્રહ અને ગૌહત્યા જેવા બનાવો થકી કટ્ટરતા કોના તરફે છે એ બધાને સમજમાં આવી ગયું. ભારતમાં રહીને પાકિસ્તાન તરફે હમદર્દીનો પણ મોટો આરોપ હતો, પણ નાગરિકતા કાનૂન થકી લોકોને સમજાયું કે આવા આરોપ પાછળ સંઘપરિવાર કે ભાજપનો મુળ એજન્ડો દેશપ્રેમ ન હતો. તેઓ સ્વંય આજે દેશપ્રેમથી ઉપર વટ જઈને વિદેશી હિંદુઓની હિમાયત કરી રહયા છે.

આ બધું કુદરતનો કરિશ્મો જ છે. આપણા પ્રયાસો કંઈ એટલા બધા પ્રભાવી ન હતા, અને આજે પણ નથી કે કોઈ પરિણામ આપે. એટલે અલ્લાહ તઆલાનો શુક્ર અદા કરવાની સાથે દેશમાં એકતાના પ્રયાસોમાં આપણી ફરજ અદા કરવાની ઘડી હવે આવી ગઈ છે, એનો એહસાસ કરવો રહયો.

# નબીની મોત કે હારથી માયૂસ ન થાઓ અને દુશ્મનોની સલાહ ન માનો.

*– મુફતી ફરીદ અહમદ કાવી.*

بسم الله الرحمن الرحيم

وَكَاَيِّنْ مِّنْ نَّبِيٍّ قٰتَلَ ۙ مَعَهٗ رِبِّيُّوْنَ كَثِيْرٌ ۚ
فَمَا وَهَنُوْا لِمَآ اَصَابَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ وَمَا
ضَعُفُوْا وَمَا اسْتَكَانُوْا ؕ وَاللّٰهُ يُحِبُّ
الصّٰبِرِيْنَ ﴿۱۴۶﴾ وَمَا كَانَ قَوْلَهُمْ اِلَّآ اَنْ قَالُوْا
رَبَّنَا اغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِيْٓ اَمْرِنَا
وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ
الْكٰفِرِيْنَ ﴿۱۴۷﴾ فَاٰتٰىهُمُ اللّٰهُ ثَوَابَ الدُّنْيَا
وَحُسْنَ ثَوَابِ الْاٰخِرَةِ ؕ وَاللّٰهُ يُحِبُّ
الْمُحْسِنِيْنَ ﴿۱۴۸﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنْ
تُطِيْعُوا الَّذِيْنَ كَفَرُوْا يَرُدُّوْكُمْ عَلٰٓى
اَعْقَابِكُمْ فَتَنْقَلِبُوْا خٰسِرِيْنَ ﴿۱۴۹﴾ بَلِ اللّٰهُ
مَوْلٰىكُمْ ۚ وَهُوَ خَيْرُ النّٰصِرِيْنَ ﴿۱۵۰﴾ سَنُلْقِيْ فِيْ
قُلُوْبِ الَّذِيْنَ كَفَرُوا الرُّعْبَ بِمَآ اَشْرَكُوْا
بِاللّٰهِ مَا لَمْ يُنَزِّلْ بِهٖ سُلْطٰنًا ۚ وَمَاْوٰىهُمُ
النَّارُ ؕ وَبِئْسَ مَثْوَى الظّٰلِمِيْنَ ﴿۱۵۱﴾

**તરજમહ :**

અને કેટલાયે નબીઓ સાથે મળીને ઘણા અલ્લાહવાળાઓ લડયા છે, પણ અલ્લાહની રાહમાં તેમને જે કંઈ ઈજા પહોંચી તેનાથી તેઓ હિમ્મત નથી હાર્યા અને ન તો તેઓ કમઝોર પડયા અને ન તો દબાયા. અને અલ્લાહ તઆલા આવા અડગ રહેનારાઓને પસંદ કરે છે. (૧૪૬) અને તેમની વાત એ સિવાય બીજી ન હતી, કે તેઓ કહેતા હતા કે હે અમારા પરવરદિગાર ! અમારા ગુનાહોને અને અમારી ફરજોમાં અમારા હદથી વધી જવાને માફ કરી દયો, અને અમારા પગોને જમાવી દયો. અને કાફિર લોકો ઉપર અમને ફતેહ આપ. (૧૪૭) એટલે અલ્લાહે એમને દુનિયાનો બદલો આપ્યો અને આખિરતનો સુંદર બદલો પણ. અને અલ્લાહ સારા કામ કરનારાઓને ચાહે છે. (૧૪૮) હે ઈમાનવાળાઓ ! જો તમે કાફિરોની વાત માની લેશો તો તેઓ તમને અવળા પગે (કુફ્રમાં) પાછા લઈ જશે. પરિણામે તમે નુકસાની ઉઠાવશો (૧૪૯) બલકે (હવે તો ) અલ્લાહ તમારો બેલી છે અને તે સૌથી સારો મદદગાર છે.

(૧૫૦) અમે ઘણા જલદી કાફિરોના દિલોમાં રોબ નાખીશું, કારણ કે તેમણે અલ્લાહની સાથે એવી વસ્તુને શરીક ઠેરવી છે કે જેના વિશે અલ્લાહે કોઇ દલીલ ઉતારી નથી અને તેમનું ઠેકાણું દોઝખ છે અને જુલ્મીઓનું તે ઘણું ખરાબ રહેઠાણ છે.

તફસીર : અગાઉની આયતોથી ઉહદની લડાઈ વિશે વર્ણન ચાલી રહયું છે. એ અનુસંધાનમાં કહેવામાં આવ્યું કે અલ્લાહ તઆલા કસોટી કર્યા વગર કોઈને જન્નતમાં દાખલ નહીં કરે. આ જ લડાઈમાં એક અફવા નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શહાદત વિશે ફેલાયી હતી, એ બાબતે કહેવામાં આવ્યું કે મુહમ્મદ અલ્લાહના એક રસૂલ છે, જેમ પહેલાં પણ ઘણા રસૂલો આવી ચુકયા છે, જો તેઓ મૃત્યુ પામે કે શહીદ થઈ જાય તો તમે ઈસ્લામ છોડીને કુફ્રમાં પાછા ફરી જશો ? આમ કરશો તો તમારું જ નુકસાન છે. ખુદા તઆલાનું નહીં.

મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ પહેલાં પણ નબીઓ આવ્યા હતા, અને આ નબીઓના સહાયક, અનુયાયી અલ્લાહ વાળાઓ નબીનો સાથ આપીને શત્રુઓ સાથે લડતા જ હતા. અને લડાઈમાં એમને પણ ઘણું નુકસાન પહોંચતું હતું, પણ નુકસાન ઉઠાવીને તેઓ નાસીપાસ કે માયૂસ થતા ન હતા. લડાઈમાં થનારા નુકસાનના કારણે લોકોમાં આવતી ત્રણ પ્રકારની કમઝોરીઓનો ઉલ્લેખ કરીને અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે લડાઈમાં મુસીબત પહોંચ્યા છતાં તેઓમાં આવી ખરાબીઓ આવી ન હતી.

وھن વહન : દિલની કમઝોરી. બુઝદિલી.

ضعف ઝુઅફ : દરેક પ્રકારની કમઝોરી, વિશેષ કરીને શરીર શકિત અને અસબાબની કમઝોરી.

استكانة ઈસ્તિકાનત : પોતાને પરાજિત સમજી લેવું.

આયતમાં વર્ણવવામાં આવેલ ત્રણ એક જેવા શબ્દો વચ્ચેનો આ તફાવત ઈમામ રાઝી રહ.એ વર્ણવ્યો છે, તેઓએ એક બીજી રીતે પણ આ શબ્દોનો અર્થ સમજાવવાની કોશિશ કરી છે, તેઓ ફરમાવે છે કે, વહનનો અર્થ છે દુશ્મનનો ખોફ, ઝુઅફ એટલે ઈમાનમાં કમઝોરી અને અલ્લાહ તઆલાના વાયદાઓ ઉપર શંકા થવી અને ઈસ્તિકાનત એટલે પોતાનો દીન છોડી દેવો.

ખુલાસો આ કે આગલા નબીઓ સાથે લડનાર અલ્લાહ વાળાઓને જયારે પણ લડાઈમાં કોઈ મુસીબત – નુકસાન થયું તો તેઓમાં આવી કોઈ ખરાબી કે કમઝોરી નથી આવી, બલકે તેઓ અડગતા અને દઢતા પૂર્વક ઈમાન ઉપર કાયમ રહયા. આ જ પ્રમાણે આ એક લડાઈ (ઉહદ)માં તમને કંઈક નુકસાન થયું છે તો એનાથી નિરાશ ન થાશો. ઈસ્લામ ઉપર દઢ – અડગ રહો. અને મુસીબતો ઉપર સબ્ર કરો, અલ્લાહ તઆલા સબ્ર કરનાર લોકો ઘણા પસંદ કરે છે અને એમને પોતાના મહબૂબ સમજે છે.

આગલા નબીઓના આવા અનુયાયીઓની એક બીજી ખૂબી આગળની આયતમાં વર્ણવવામાં આવી છે કે લડાઈની આવી કુરબાનીઓ ઉપરાંત તેઓ અલ્લાહ તઆલાના દરબારમાં અમુક વિશેષ દુઆઓ કરતા રહેતા હતા.

તેઓ દુઆ કરતા કે અમારા પાછલા ગુનાહો માફ કરી દયો

લડાઈમાં જે કોતાહી કે ચુક થઈ હોય એ માફ કરી દયો.

અમને દીન ઉપર અડગતા – દઢતા આપો.

અમને દુશ્મનો ઉપર ફતેહ અતા કરો.

ઈમામ રાઝી ફરમાવે છે કે ઉપરોકત આયતમાં ذنـــــوب એટલે સગીરા ગુનાહો અને اسراف એટલે કબીરહ ગુના મુરાદ છે. (તફસીરે માજિદી)

આવા લોકોને પછી અલ્લાહ તઆલાએ શું બદલો આપ્યો એનું વર્ણન આગળની આયતમાં છે. અલ્લાહ તઆલાએ એમને દુનિયા – આખિરત બંનેવ જહાંનના ઈનામો અને સવાબથી નવાઝયા. દુનિયા અને આખિરતની કામ્યાબી એમને આપવામાં આવી. આયતમાં અલ્લાહ તઆલા દુનિયા અને આખિરતના બદલાનું વર્ણન કરતાં ફરમાવ્યું ثـواب الـدين એટલે કે દુનિયાનો બદલો અને પછી ફરમાવ્યું حسـن ثـواب الأخرة એટલે કે આખિરતનો સુંદર બદલો. એટલે કે સારો અને શ્રેષ્ઠ બદલો તો આખિરતનો જ છે. દુનિયામાં મળતો બદલો ગમે તેવો હોય, આખિરતના સવાબ સામે એમાં કોઈ સુંદરતા કે શ્રેષ્ઠતા નથી.

આયત નં ૧૫૦માં એક વિશેષ ઘટનાને સામે રાખીને મુસલમાનોને કાયમી માર્ગદર્શન આપવામાં આવ્યું છે. ઉહદની લડાઈમાં એક તબક્કે એવી અફવા ઉડી હતી કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ શહીદ થઈ ગયા, આ વેળા અમુક મુનાફિકો, કાફિરો મુસલમાનોને કહેવા લાગ્યા કે હવે

જયારે મુહમ્મદ નથી રહયા તો તમે પાછા પોતાના અસલી ધર્મમાં આવી જાઓ, અમુક મુસલમાનોને પણ આવા કે બીજા ખરાબ વિચારો અને વસવસાઓ આવ્યા. અલ્લાહ તઆલાએ આ બધું સામે રાખીને ફરમાવ્યું કે, તમે કાફિરો – મુનાફિકો સાથે સલાહ – મસલત કરશો અને એમની વાત માનશો તમને તેઓ પાછા કુફ્રમાં ખેંચી જશે અને ઈસ્લામ છોડીને કુફ્રમાં પાછા ફરી જવાથી સંપૂર્ણ નુકસાનમાં જશો. મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના શહીદ થવાથી કે કોઈ સહારા, આશા કે મદદથી માયૂસ થઈને કુફ્રના રસ્તે ચાલવાનો વિચાર પણ ન કરો. બલકે યાદ રાખો, મુસલમાનનો ભરોસો અલ્લાહ તઆલા ઉપર હોય છે. એટલે આ સ્થળે અલ્લાહ તઆલાએ ઘણી જ તાકીદ સાથે ફરમાવ્યું : ''બલકે અલ્લાહ તમારો બેલી છે અને તે સૌથી સારો મદદગાર છે.''

આયત નં ૧૫૧ આ જ નસીહત ને આગળ વધારીને અલ્લાહ તઆલા ફરમાવે છે કે અમે કાફિરોના દિલમાં રોબ અને ખોફ ભરી દઈશું, જેથી તેઓ તમારા ઉપર પ્રભાવી ન થઈ શકે. અને એમ જ થયું પણ. ઉહદની લડાઈમાં શત્રુઓનું પલ્લું ભારે હતું પણ તેઓ આગળ વધવાની હિમ્મત ન કરી શકયા, ત્યાંથી જ પાછા વળી ગયા, બલકે મુસલમાનોએ એમનો પીછો કરવાની કોશિશ કરી.

આયતમાં એક વાત બીજી આ પણ કહેવામાં આવી છે કે આ લોકો અલ્લાહ તઆલા સાથે એવી શકિતઓ – હસ્તીઓને શરીક કરે છે, જેમના માબૂદ, ખુદા હોવા વિશે કોઈ દલીલ અલ્લાહે ઉતારી નથી, અર્થાત અલ્લાહ તઆલાએ પોતાના સિવાય કોઈ બીજાને એવી શકિતઓ નથી આપી કે તે બંદાની જરૂરતો પૂરી કરવામાં શકિતશાળી હોય, છતાં આવા બનાવી લીધેલ માબૂદોની ઈબાદત કરનાર લોકોમાં તમારા જેવા સાચા ઈમાનવાળાઓનો ખોફ નાંખી દઈશું જેથી તેઓ વધારે હોય કે શકિતશાળી હોય છતાં તમે એમની સામે પાછા ન પડો અને તેઓ તમારા ઉપર પ્રભાવી ન થઈ શકે. ● ● ● ● ● ●

# મઆરિફુલ હદીસ

હઝરત મવલાના મંઝૂર નોમાની (રહ.)

**અનુવાદ** : મવલાના યાકૂબ બારીવાલા સા. રહ.

(બ્લેકબર્ન. યુ.કે.)

૧૪૧

## સુર્ય ગ્રહણની નમાઝ

સુર્ય અથવા ચાંદ ગ્રહણ થવું અલ્લાહની કુદરત અને તેના જલાલ અને મોટાઈની તે નિશાનીઓમાંથી છે જે કોઈક જ વાર જોવામાં આવે છે. અને તેનો હક છે કે જયારે જાહેર થાય તો અલ્લાહના બંદાઓ નમ્રતા સાથે તે કાદિર અને કહહારની અઝમત અને તેના જલાલ સામે ઝુકી જાય અને તેના રહમ અને કરમની ભીખ માંગે, રસુલૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના પાક જીવનમાં બરાબર તે દિવસે જયારે કે આપ સલ.ના દુધ પીતા સાહબ ઝાદા (પુત્ર) ઈબ્રાહીમ અલૈ.નું દોઢ વર્ષની વયે અવસાન થયું, સુર્ય ગ્રહણ થયું હતું, અરબોમાં જાહિલિય્યતના યુગમાં વહેમમાંથી એક ખ્યાલ એ પણ હતો કે મોટા માણસોના અવસાન પર સુર્ય ગ્રાહણ થાય છે, અને તે તેના ગમમાં કાળી ચાદર ઓઢી લે છે. હઝરત ઈબ્રાહીમના અવસાનના દિવસે સુર્ય ગ્રહણ થવાથી આ વહેમ પરસ્તી અને ખોટી માન્યતા દ્રઢ બની શકતી હતી, બલ્કે અમૂક રિવાયતોમાં છે કે અમૂક લોકોના મોં પર એ વાત આવી પણ ગઈ. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ તે સમયે ઘણા જ ભય સાથે અને અતિશય ફિકરમંદીથી અલ્લાહના દરબારમાં જમાઅતથી બે રકાત નમાઝ પઢી, આ નમાઝ પણ જુદા જ પ્રકારની હતી. તેમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ઘણી લાંબી કિરાઅત કરી અને કિરાઅત દર્મિયાન આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) વારંવાર અલ્લાહના દરબારમાં ઝુકી જતા હતા. (મતલબ કે રૂકૂઅમાં ચાલ્યા જતા હતા) અને પાછા ઉભા થઈ કિરાઅત કરવા લાગતા હતા. એવી રીતે આ નમાઝમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ રૂકૂઅ અને સિજદા પણ ઘણા લાંબા કર્યા, અને નમાઝ દર્મિયાન દુઆ પણ ઘણી જ પાબંદી અને નમ્રતા પૂર્વક કરી, ત્યાર પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ખુત્બો આપ્યો, અને તેમાં ખાસ કરી આ ખોટા ખ્યાલને રદ

કર્યો કે સુર્ય અથવા ચંદ્ર ગ્રહણ કોઈ મહાપુરૂષના અવસાનથી થાય છે. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે માત્ર અભણતા ભરી વહેમ પરસ્તી છે. જે પાયાહીન છે. એ તો ખરેખર અલ્લાહની કુદરત અને શકિત અને તેના જલાલ તેમ મહાનતાની નિશાની છે. જયારે આવી કોઈ નિશાની જોવામાં આવે તો નમ્રતા સાથે તેના તરફ ધ્યાન ધરવું જોઈએ તેની ઈબાદતમાં મગ્ન થઈ તેની પાસે દુઆઓ કરવી જોઈએ. આ પ્રસ્તાવના પછી સુર્ય ગ્રહણ વિષે અમુક હદીષો નીચે વાંચો :–

(٢٧٩) عَنِ الْمُغِيرَةِ بْنِ شُعْبَةَ ؓ قَالَ كَسَفَتِ الشَّمْسُ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ ﷺ يَوْمَ مَاتَ اِبْرَاهِيْمُ فَقَالَ النَّاسُ كَسَفَتِ الشَّمْسُ لِمَوْتِ اِبْرَاهِيْمَ فَقَالَ رَسُوْلُ اللّٰهِ ﷺ اِنَّ الشَّمْسَ وَالْقَمَرَ لَايَنْكَسِفَانِ لِمَوْتِ اَحَدٍ وَلَا لِحَيَاتِهٖ فَاِذَا رَاَيْتُمْ فَصَلُّوْا وَادْعُوااللّٰهَ۔ (رواه البخارى ومسلم)

તરજુમો:– હઝરત મુગીરાહ બિન શોઅબહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સમયમાં ખાસ તે દિવસે જયારે આપના સાહબ ઝાદા ઈબ્રાહીમનું અવસાન થયું, સુર્ય ગ્રહણ થયું, તો અમુક લોકોએ કહ્યું કે સુર્ય અને ચંદ્ર ગ્રહણ થવાનું કારણ ઈબ્રાહીમનું અવસાન છે તો રસૂલુલ્લાહ સલ.એ ફરમાવ્યું: સુર્ય અને ચંદ્ર ગ્રહણ કોઈના અવસાન અને કોઈના જન્મ થવા પર થતું નથી. (બલ્કે એ અલ્લાહની કુદરતની નિશાનીઓમાંથી છે.) જયારે તમે આવું જુઓ તો અલ્લાહના દરબારમાં નમાઝ પઢી તેનાથી ખુબ દુઆ કરો. (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– હઝરત મુગીરાહ બિન શોઅબહ (રદિ.)ની આ હદીષ ઘણી જ ટુંકી છે. જેમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝનો ઉલ્લેખ પણ નથી. બીજી રિવાયતોમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની નમાઝ અને તેની ખાસ કેફિયતનું વર્ણન ઘણી વિગતવાર કરવામાં આવી છે.

(٢٨٠) عَنْ اَبِىْ مُوْسٰى ؓ قَالَ خَسَفَتِ الشَّمْسُ فَقَامَ النَّبِىُّ ﷺ فَزِعاً يَخْشٰى اَنْ تَكُوْنَ السَّاعَةُ فَاَتَى الْمَسْجِدَ فَصَلّٰى بِاَطْوَلِ قِيَامٍ وَرُكُوْعٍ وَسُجُوْدٍ مَارَاَيْتُهٗ قَطُّ يَفْعَلُهٗ وَقَالَ هٰذِهِ الْاٰيَاتُ الَّتِىْ يُرْسِلُ اللّٰهُ لَاتَكُوْنُ لِمَوْتِ اَحَدٍ وَلَا لِحَيٰوتِهٖ وَلٰكِنْ يُخَوِّفُ اللّٰهُ بِهَا عِبَادَهٗ فَاِذَا رَاَيْتُمْ شَيْئاً مِنْ ذَالِكَ فَافْزَعُوْا اِلٰى ذِكْرِهٖ وَدُعَائِهٖ وَاسْتِغْفَارِهٖ۔ (رواه البخارى ومسلم)

તરજુમોઃ– હઝરત અબૂ મૂસા અશઅરી (રદિ.)થી રિવાયત છે કે (એક દિવસ) સુર્ય ગ્રહણ થયું તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એટલા ભયભીત થયા અને ગભરાયને ઉભા થઈ ગયા, જેવો આપને ભય હોય કે હવે કયામત શરૂ થઈ જશે. આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) મસ્જિદમાં પધાર્યા અને ઘણા લાંબા કિયામ અને એવા જ લાંબા રૂકૂઅ સિજદા સાથે નમાઝ પઢાવી મેં કયારેય એટલી લાંબી નમાઝ પઢતા જોયા નથી, તે પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું કે (અલ્લાહની મહાન કુદરતની) આ નિશાનીઓ જે અલ્લાહ તઆલા જાહેર કરે છે. તે કોઈની મરણ અને જીવન સાથે સંકળાયલી નથી. બલ્કે બંદાઓના દિલોમાં અલ્લાહનો ભય બેસાડવા માટે જાહેર થાય છે. જયારે તમે કોઈ આવી ચીઝ જુઓ તો ભય અને ફિકર સાથે તેનું ધ્યાન ધરો, અને તેને યાદ કરો, તેનાથી દુઆ અને ઈસ્તિગ્ફાર કરો. (બુખારી, મુસ્લિમ)

તરજુમો (૨૮૧) હઝરત કબીસા હિલાલી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના સમયમાં સુર્ય ગ્રાહણ થયું તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) ગભરાયને બહાર નીકળી આવ્યા, (અને એ ગભરાટમાં આપની હાલત એવી હતી કે સારી રીતે ચાદર પણ ઓઢી શકયા ન હતા, બલકે) આપની ચાદર જમીન પર ખેંચાય રહી હતી, હું તે દિવસે મદીનામાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સાથે હતો, આપે બે રકાત નમાઝ પઢી, અને તેમાં કિયામ ઘણો જ લાંબો કર્યો પછી આપ નમાઝથી પરવાર્યા તો તે દર્મિયાન સુર્ય તેની અસલી હાલત પર ચમકતો હતો, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ લોકોને સંબોધીને ફરમાવ્યું આ નિશાનીઓનો હેતુ એ છે કે લોકોના દિલોમાં અલ્લાહનો ભય જાગે, (અને તેઓ ગુનાહોથી બચે) જેથી તમો જયારે પણ આવી નિશાનીઓ જુઓ તો આ પ્રમાણે નમાઝ પઢો, જેવી ફરજ નમાઝ તમે થોડીવાર પહેલાં પઢી હતી, (એટલે ફજરની નમાઝની જેમ બે રકાત સુર્ય ગ્રહણ વખતે પણ પઢો.) (અબૂ દાઉદ, નસાઈ)

તરજુમો (૨૮૨) હઝરત અબ્દુર્રહમાન બિન સમુરહ (રદિ.)થી રિવાયત છે કે એક દિવસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના જીવન કાળમાં મદીના મુનવ્વરહમાં હું મારા તીરોથી નિશાન બાજી કરી રહ્યો હતો કે અચાનક સુર્ય ગ્રહણ થયું મેં મારા તીરો ત્યાં જ પડતા મુકી દિલમાં કહ્યું કે હમણાં જ જઈ જોવું કે સુર્ય ગ્રહણ વખતે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) પર શું હાલત ગુજરી, અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ શું નવું કામ કર્યુ? હું આપની પાસે પહોંચ્યો તો આપ તે સમયે ઉભા રહી નમાઝ પઢી રહ્યા હતા. (એટલે નમાઝ શરૂ

થઈ ચુકી હતી) તે જ હાતલમાં આપે બંને હાથ ઉઠાવ્યા (જેમ દુઆમાં ઉઠાવવામાં આવે છે.) અને ઘણી વાર સુધી અલ્લાહની તસ્બીહ, તહલીલ, તકબીર, અને હમ્દ સાથે દુઆ કરતા રહ્યા, એટલે સુધી કે સુર્ય ગ્રહણ છુટી ગયું, (એટલે આપની નમાઝ અને દુઆનો સિલસિલો સુર્ય ગ્રહણ પુરૂ થતાં સુધી ચાલુ રહ્યો અને સૂરજ તેના હિસાબ મુજબ ચમકતો થઈ ગયો, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એ નમાઝમાં બે સૂરતો અને બે રકાતો પઢી. (મુસ્લિમ શરીફ)

તરજુમો (૨૮૩): હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના ઝમાનામાં સુર્યગ્રહણ થયું તો આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ લોકોને નમાઝ પઢાવી. તે નમાઝમાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ લાંબો કિયામ કર્યો, પછી રૂકૂઅમાં ગયા, અને ઘણો લાંબો રૂકૂઅ કર્યો, પછી ઉભા થયા અને ઘણો લાંબો કિયામ કર્યો, પરંતુ આ કિયામ આગલા કિયામ કરતાં થોડો ટુંકો હતો, ત્યાર પછી આપ ફરી રૂકુઅમાં ગયા, અને લાંબો રૂકૂઅ કર્યો, પરંતુ પહેલા રૂકૂઅ કરતાં થોડો ટુંકો હતો. પછી આપ સિજદામાં ગયા, અને સિજદો પણ ઘણો લાંબો કર્યો, પછી આપે બીજી રકાતમાં પણ એ જ મુજબ કર્યુ જેવું પહેલી રકાતમાં કર્યુ હતું, ત્યાર પછી (કાયદા મુજબ છેલ્લા કાયદા અને સલામ પછી) નમાઝ પુરી કરી, અને સુર્ય ગ્રહણમાંથી નિકળી ગયો, અને (હાલત મુજબ) ચમકતો થઈ ગયો, પછી આપે ખુત્બો આપ્યો, અને અલ્લાહની હમ્દો સના પછી ફરમાવ્યું કે સુર્ય અને ચંદ્ર અલ્લાહની કુદરત અને કારીગરીની નિશાનીઓમાંથી બે નિશાનીઓ છે. કોઈના જીવન મરણથી તેમાં ગ્રહણ થતું નથી, (બલ્કે જમીન અને આસમાનની બીજી મખ્લૂક માફક તેમના ઉપર પણ અલ્લાહનો હુકમ ચાલે છે. અને તેમની ચમક અને અંધકાર તે જ માલિકુલ્મુલ્ક અને કાદિરે મુત્લકના હાથમાં છે.) જેથી જયારે પણ તમે ગ્રહણ થતાં જુઓ, તો અલ્લાહ પાસે દુઆ કરો, અને તેની મોટાઈ બયાન કરો, તેના દરબારમાં નમાઝ પઢી સદકો કરો. તે પછી આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ ફરમાવ્યું: એય ઉમ્મતે મુહંમદ! કોઈ ગુલામ અથવા લોંડીના કુકર્મથી કોઈને એટલી નાપસંદગી નથી થતી જેટલી નાપસંદગી અલ્લાહને તેના કોઈ બંદા અથવા બંદીના કુકર્મ (વ્યભીચાર)થી થાય છે. (જેથી તેના ગુસ્સા અને જલાલથી ભયભીત રહો, અને દરેક પ્રકારના કુકર્મો અને ગુનાહોથી બચો) એય ઉમ્મતે મુહંમદ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)! ખુદાની કસમ જો (અલ્લાહના ગુસ્સા અને જલાલ વિષે) તમે તે જાણતા જે હું જાણું છું તો તમે ઘણું થોડુ હસતે અને ઘણું રડતે. ત્યાર પછી આપે ફરમાવ્યું ખબરદાર! મેં વાત સારી રીતે પહોંચાડી (અને મારો ફરજ અદા કરી

આપ્યો) (બુખારી, મુસ્લિમ)

ખુલાસો :– સુર્ય ગ્રહણનો બનાવ એક મહાન બનાવ છે. અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ નમાઝ પણ નિત્યક્રમ વિરૂધ્ધ પઢી, જેથી એને ઘણા સહાબા (રદિ.)એ રિવાયત કરી છે. અહીંયા માત્ર પાંચ સહાબાની રિવાયતો ટાંકવામાં આવી છે. હદીષની કિતાબોમાં વીસથી વધુ સહાબા (રદિ.)ના ટુંકા અને વિગતવાર બયાનો આ બનાવ વિષે મળે છે. ઈમામ બુખારી (રહ.)એ સહીહ બુખારીના સુર્ય ગ્રહણના વિવિધ પ્રકરણોમાં આ બનાવ સંબંધી નવ સહાબીઓની હદીષો રિવાયત કરી છે. તે બધી હદીષોથી બનાવની પુરી વિગત જણાય આવે છે.

એક વાત જે તેમાંથી ઘણી હદીષોમાં સંયુકત પણે જાણવા મળે છે એ છે કે સહાબા (રદિ.) માટે આ નમાઝ નવી વાત હતી, અને તેમણે તે પહેલાં કયારેય સુર્ય ગ્રહણની નમાઝ પઢી ન હતી, એ પણ રિવાયતોમાં વિગતવાર મોજુદ છે કે આ સુર્ય ગ્રહણ તેજ દિવસે થયું જે દિવસે આપના દુધ પીતા પુત્ર ઈબ્રાહીમનું અવસાન થયું હતું અને મુહદ્દીસો લગભગ એના પર સહમત છે કે તેમનું અવસાન હિજરી સન દસમાં થયું, (એટલે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ના અવસાનથી અમુક માસ પહેલા એ પ્રમાણે આ વાત નક્કી થઈ જાય છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ સુર્ય ગ્રહણની નમાઝ બસ એક જ વાર પઢી છે. જેનો આ હદીષોમાં ઉલ્લેખ છે.

ચાંદ ગ્રહણ વખતે પણ નમાઝ પઢવાનો હુકમ તે હદીષોમાં સાફ મોજુદ છે. પરંતુ કોઈ સહીહ હદીષથી જણાતું નથી કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ) એ કદી ચાંદ ગ્રહણ વખતે પણ નમાઝ પઢી હોય, કદાચ એનું કારણ એ છે કે અલ્લાહ તઆલા તરફથી તે નમાઝનો હુકમ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ને સુર્ય ગ્રહણ વખતે જ મળ્યો, અને ત્યાર પછી થોડાક જ મહીનાઓ આપ આ જગતમાં મોજુદ રહ્યા, જેમાં ચાંદ ગ્રહણનો વારો જ ન આવ્યો. વલ્લાહુ અઅલમ. આ નમાઝ આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ મહામુલી કેફીયતો સાથે પઢી, અને તેમાં અમુક તદન નવી વાતો સામે આવી, એક તો એ કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ આ નમાઝ ઘણી લાંબી પઢી (હાલાંકે) જમાઅત સાથે એટલી લાંબી નમાઝ પઢવી આપની આદત મુબારક ન હતી, બલ્કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એનાથી મના ફરમાવ્યું છે.

હઝરત આયશા (રદિ.)ની એક રિવાયતમાં છે કે મારૂ ધારવું છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ એ નમાઝની એક રકાતમાં સુરએ બકરહ પઢી અને બીજી રકાતમાં સુરએ આલે ઈમ્રાન અને હઝરત જાબિર (રદિ.)નું બયાન છે

કે અમુક લોકો આ નમાઝમાં ઉભા રહી શકયા નહીં, પડી ગયા, અને અમુક રિવાયતોમાં છે કે આ નમાઝમાં ઘણા લોકો બેહોશ થઈ ગયા, અને તેમના માથાઓ પર પાણી નાખવામાં આવ્યું.

એ જ મુજબ એક નવી વાત આ નમાઝમાં એ હતી કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ કિયામ દર્મિયાન હાથ ઉઠાવી અલ્લાહની તસ્બીહ, તહલીલ, અને પ્રસ્તાવના, તકબીર, સાથે ઘણીવાર દુઆ કરી, એ જ પ્રમાણે બીજી નવી અને અનોખી વાત એ પણ હતી કે આપ કિયામ દર્મિયાન અલ્લાહના દરબારમાં જુકી ગયા, અને ઘણી વાર રૂકુઅમાં રહ્યા પછી ઉભા થઈ આપે કિરાઅત કરી, અને ત્યાર પછી રૂકૂઅ અને સિજદા કર્યા, અને અમુક રિવાયતો મુજબ કિયામ દર્મિયાનમાં માત્ર એક વાર નહીં અનેકવાર એ પ્રમાણે રૂકુઅમાં ગયા, અમૂક રિવાયતોમાં એ પણ છે કે આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)તે નમાઝ દર્મિયાન એક વાર પાછા ખસ્યા, અને પછી આગળ વધ્યા અને એક વાર આપે હાથ આગળ કર્યો જેમ કોઈ વસ્તુ લેવા અથવા પકડવા માટે હાથ લાંબો કરવામાં આવે છે. અને પછી ખુત્બામાં આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ બતાવ્યું કે અત્યારે આપની સામે ગેબની દુનિયાની ઘણી હકીકતો ખોલવામાં આવી, આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)એ જન્નત અને દોઝખ સામે જોઈ અને દોઝખમાં ઘણા જ ભયંકર અઝાબો અને ધ્રુજાવનારા દૃષ્યો જોયા, અને એવું જોયું જે પહેલાં કયારેય જોયું ન હતું. આ વાત માનવા જોગ છે કે આ નમાઝમાં ઘણી ઉત્તમ વાતો સામે આવી, જેમકે આપનું હાથ ઉઠાવી નમાઝ દર્મિયાન ઘણી વાર દુઆ કરવી, કિયામ અને કિરાઅત દર્મિયાન વારંવાર અલ્લાહના દરબારમાં જુકી જવું, કદી પાછળ હટવું, કદી આગળ ખસવું, કદી પોતાનો હાથ આગળ લાંબો કરવો આ સઘળુ તે ગેબી નિરક્ષણોના કારણે થયું.

**ફાયદો :-** આપના સાહબઝાદાના અવસાનના દિવસે જ સુર્ય ગ્રહણ થયું અને આપ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)નું ખુત્બામાં જોરદાર શકિત સાથે જાહેરાત કરવું કે આ ગ્રહણનો મારા ઘરના બનાવ સાથે કોઈ સંબંધ નથી અને એવું સમઝવું ભુલ ભરેલું તેમ વહેમ પરસ્તી છે. રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહી વસલ્લમ)ની સચ્ચાઈ અને નિખાલસતાની એવી મહાન દલીલ છે જે ન માનનારાઓને પણ અસર કરે છે. શરત એ કે તે દિલ બિલ્કુલ મરી ન ચુકયુ હોય.

---

---

# હઝરત શૈખુલ હદીસ મવલાના મુહમ્મદ ઝકરિય્યા રહ.ની ખાનકાહ

*-- હઝરત મવલાના અબૂલ હસન અલી નદવી રહ.*

વીતેલી સદીઓના અવલિયાએ કિરામની વાત નથી, તાઝા ભૂતકાળમાં થઈ ગયેલા બુઝુર્ગો વિશે સાંભળવામાં આવ્યું છે કે ઈદુલફિત્રનો ચાંદ દેખાતા વેંત આગામી રમઝાનુલ મુબારકની પ્રતિક્ષામાં વ્યાકુળ રહેતા હતા, મુબારક માહના આગમન સાથે જ એમનામાં નવો જોશ, ઉમંગ અને ઉત્સાહ પેદા થઈ જતાં હતાં અને ઉત્સાહના અતિરેકમાં આવીને મનોમન ઉચ્ચારતા હતા.

هذا الذی کانت الایام تنتظر--فلیوف للّٰه اقوام بما نذروا

તે ઘડીઓ આવી પડી જેની પ્રતક્ષિામાં દિવસો ગણાતા હતા. હવે લોકો પોતાની મુરાદો પરિપૂર્ણ કરશે.

پلا ساقیا وہ مئے دِل فروز--کہ آتی نہیں فصلِ گُل روز روز

એ સાકી તૂં અમને મધુર ઈશ્ક રૂપી શરાબનું પાન કરાવ, આ મઘમઘતી વસંત કંઈ દરરોજ આવતી નથી.

રમઝાનુલ મુબારકના આગમન સાથે જ દીની અને રૂહાની કેન્દ્રો અને ખાનકાહોનું વાતાવરણ બદલાઈ જતું હતું, તે લોકો સિવાય કે જેમનો પડાવ હરહંમેશ રહેતો, શૈખ અને મુર્શિદ પ્રત્યે ઊંડો શ્રદ્ધાભાવ ધરાવતા અને બયૂઅત થયેલા બીજા અનેક લોકોનો સમૂહ આ રૂહાની કેન્દ્રો તરફ એવી રીતે ખેંચાઈ આવતો હતો, જે રીતે લોખંડના ટુકડા લોહચુંબક તરફ અને પતંગિયા દીપક તરફ ખેંચાઈ આવે છે, આ રૂહાની સ્થળોનું વાતાવરણ તિલાવત, નવાફિલ અને અન્ય ઈબાદતોથી એ રીતે ગુંજી ઉઠતું હતું, જાણે દિનભરમાં એ સિવાય બીજું કોઈ કામ ન હોય અને આ રમઝાન પછી ફરીથી રમઝાન આવનાર જ ન હોય. દરેક માણસ એક બીજાથી આગળ વધી જવા પ્રયત્નશીલ રહેતો અને રમઝાનુલ મુબારકના પ્રત્યેક દિવસને માત્ર રમઝાનનો જ નહીં, બલ્કે પોતાની જીંદગીનો પણ આખરી દિવસ સમજતો અને ખ્વાજા મીર દર્દના આ શૈરની આબેહૂબ તસવીર બની જતોઃ

ساقیا یاں لگ رہا ہے چل چلاؤ--جس قدر چل سکے ساغر چلے

હે ! ઈશ્ક રૂપી રસનું પાન કરાવનાર, અહિંયા આશિકોની ભીડ જામી છે, હવે આ રસપાનનો દોર શકય હોય તેટલો અવિરત ચાલતો રહે એ જ અમારા અંતરની ઈચ્છા છે.

જે કોઈ ખુદાનો બંદો થોડીવારના માટે આ માહોલમાં આવી જતો તે દુન્યાની

મોહ–માયાઓથી બે ખબર બની જતો, નિરુત્સાહીઓમાં પ્રચંડ ઉત્સાહ, કમઝોર દિલોમાં અખૂટ હિંમત તથા નિશ્ચેતન હૈયાઓમાં નવા પ્રાણ પૈદા થઈ જતાં, જાણે વીજળીનો એક કરંટ હતો જે એક જીવંત હ્રદયમાંથી નીકળી નિશ્ચેત હ્રદયમાં પહોંચી જતો અને ત્યાં પ્રચંડ રૂહાની ઉર્જા પેદા કરી દેતો, આ હ્રદયંગમ રૂહાની વાતાવરણને જોનાર દરેક માણસનું દિલ ગવાહી આપતું, કે જયાં સુધી ધરતી ઉપર ખુદા  પ્રાપ્તિ માટેનો આવો પ્રચંડ ઉત્સાહ વ્યાપેલો છે અને દરેક પ્રકારના સ્વાર્થ કે ભૌતિકપણાથી મુકત થઈને એક માનવસમૂહ કેવળ ખુદાની પ્રસન્નતા અને આખિરતની સફળતા માટે સામૂહિક રીતે પ્રયત્નશીલ છે ત્યાં સુધી દુન્યા તબાહ નહિ થાય અને જીવનના આ ધબકારને અટકાવી દેવાનો ફેંસલો નહીં થાય અને આ દ્રશ્ય જોનારના મુખથી ખ્વાજા હાફિઝની આ પંકિત સરી પડે છે.

ازصدِسخن پیرم یک نکتہ مرایاداست--عالم نشودویراں تامیکدہ آباداست

મારા હઝરતે કહેલી સંખ્યાબંધ વાતોમાંથી એક વાત મને યાદ છે અને તે એ કે ખુદાની મુહબ્બતનું રસપાન કરાવનાર મયકદા હશે ત્યાં સુધી દુન્યા વેરાન નહીં થાય.

અફસોસની વાત છે કે આઠમી સદીમાં સુલતાનુલ મશાઇખ, મેહબૂબે ઈલાહી હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા (રહમતુલ્લાહિ અલયહિ)ની ખાનકાહ ગયાસપૂર (દિલ્હી) અને તેરમી સદીમાં હઝરત શાહ ગુલામઅલી દહેલ્વી (રહમતુલ્લાહિ અલયહિ)ની ખાનકાહે મઝહરિય્યહ (ચિતલી કબર –દિલ્હી)ના રમઝાનુલ મુબારકના રૂહાની વાતાવરણનો આંખે દેખ્યો અહેવાલ કોઈ ઈતિહાસકારે આલેખ્યો નથી અને કોઈ કિતાબમાં આ ખાનકાહોની રૂહાની પ્રવૃત્તિઓની વિસ્તૃત છણાવટ નથી મળતી, પરંતુ 'ફવાઈદુલ ફુવાદ ,'સિયરુલ અવલિયા' અને 'દુર્રુલ મઆરિફ' માં તેની આછી ઝલક જોવા મળે છે, આ ખાનકાહોની ગતિવિધિઓ અને આ બુઝુર્ગોની જીવનગાથાનો ઊંડો અભ્યાસી હોય અને જે એમની ખુદા પ્રાપ્તિ અને દિલના દર્દને સમજી શકતો હોય,એવો માણસ તેના આધારે એક સંપૂર્ણ આલેખ તૈયાર કરી શકે છે.

પરંતુ, જે ખાનકાહો અને રૂહાની કેન્દ્રોના ભાગ્યમાં ભૂતકાળની એ શાનદાર ખાનકાહોનો વારસો આવ્યો અને જે મશાઇખના પુરોગામી અવલિયાએ કિરામના જાનશીન બન્યા એમણે એ દ્રશ્યોને ફરી જીવંત કરી દીધા અને જાણે ઈતિહાસની ભવ્યતા આબેહૂબ રીતે પુનરાવર્તિત થઈ.

ગંગોહમાં કુત્બુલ ઈર્શાદ હઝરત મવલાના રશીદ અહમદ ગંગોહી (રહમતુલ્લાહિ અલયહિ)ના ઝમાના દરમિયાન રમઝાનુલ મુબારકની ભવ્યતાનો

અનુભવ કરનારા લોકો તો જુજ સંખ્યામાં હયાત હશે, પરંતુ તે લોકો તો મોટી સંખ્યામાં હયાત છે, જેઓએ હઝરત શાહ અબ્દુર્રહીમ સાહેબ રાયપૂરી (રહમતુલ્લાહિ અલયહિ)ના યુગમાં રાયપૂરમાં અને હકીમુલ ઉમ્મત હઝરત મવલાના અશરફઅલી સાહેબ થાનવી(રહમતુલ્લાહિ અલયહિ)ના સમયકાળમાં થાનાભવનમાં રમઝાનુલ મુબારકની સુરમ્ય વસંતનો પ્રત્યક્ષ અનુભવ કર્યો છે, એ સંસ્મરણોને વાગોળતા આજે પણ તેઓ એક તીવ્ર આંચકો મહસૂસ કરે છે.

અમારી જાણ મુજબ છેવટના યુગમાં પુરોગામી બુઝુર્ગોની આ પ્રથાને જીવંત કરનાર અને એમાં નવી રૂહ ફુંકનાર જો કોઈ હતું તો તે શૈખુલ ઈસ્લામ હઝરત મવલાના સય્યિદ હુસૈન અહમદ મદની સાહેબ રહ.ની મુબારક ઝાત હતી. એમણે પોતાના નિકટના સ્નેહીઓ અને શિષ્યોના આગ્રહને વશ થઈ કોઈ એક સ્થળે રોકાણ કરીને રમઝાનુલ મુબારક વિતાવવાનો ક્રમ બનાવી લીધો હતો અને નજીક તથા દૂરના, બલકે દેશના દૂર દૂરના ખૂણાઓમાંથી આશિકો એકત્ર થઈ જતા હતા, હઝરત (રહમતુલ્લાહિ અલયહિ)એ એક મુદ્દત સુધી સીલ્હટમાં રમઝાનુલ મુબારક ગાળ્યો, ત્યારબાદ કેટલાય વર્ષો સુધી બાંસકંડી (બંગાળ)માં રમઝાન માસ વિતાવ્યો, એક બે વર્ષ પોતાના વતન "ઈલાહદાદપુરા – ટાંડા પાસે, ફૈઝાબાદ યૂ. પી." માં ખાસ પોતાના મકાનમાં મુબારક માસ ગાળ્યો, આ બધા સ્થળોએ સેંકડો શિષ્યો, ખાદિમો અને રમઝાનુલ મુબારકના કદ્રદાનો એકઠા થતા, જે આપના મહેમાન તરીકે રહેતા. હઝરત રહ. પોતે કુર્આને કરીમ સંભળાવતા, હાજરજનો ઝિક્ર, તિલાવત અને ઈબાદતમાં સંપૂર્ણ ઉત્સાહ અને મનોબળ સહિત મગ્ન રહેતા, ખાદિમોને અવર્ણનીય અનુભૂતિ અને આંતરિક ઉત્કર્ષ પ્રાપ્ત થતાં અને દીર્ઘકાળ સુધી તેઓ પોતાની એ આનંદપ્રચૂર– રોમાંચક ઘડીઓને વાગોળતા અને વર્ણન કરતા હતા. (ઉદાહરણ તરીકે જૂઓ : મવલાના અબ્દુલ હમીદ આ'ઝમીની પુસ્તિકા 'કિયામે સિલહટ')

જો અલ્લાહને મંઝૂર હોત અને જીંદગી સાથ આપત તો કદાચ 'ઈલાહદાદપૂરા' માં આ મુબારક સિલસિલો ચાલુ રહયો હોત અને સંખ્યાબંધ અલ્લાહના બંદાઓની આંતરિક કેળવણીનો સબબ બન્યો હોત, પરંતુ હઝરત મવલાનાની વફાત (તા. ૧૩ જમાદિઉલ અવ્વલ , હિજરી ૧૩૭૭)ને કારણે આ સિલસિલો અટકી પડયો અને લોકો અફસોસનાં આંસુ સારતા રહી ગયા.

અમારા પીરોમુર્શિદ હઝરત મવલાના શાહ અબ્દુલ કાદિર સાહેબ રાયપૂરી રહ.ના ત્યાં પણ રમઝાનુલ મુબારકનો ઘણો જ ઈહતિમામ હતો, ભાગલા પહેલાં પંજાબથી પરિચિત સબંધીઓનું એક જૂથ જેમાં મોટી સંખ્યામાં ઉલમાએ કિરામ,

મદારિસના સંચાલકો અને સાહિબે ઈજાઝત મશાઈખ હોતા હતા. શાબાનની છેલ્લી તારીખોમાં રમઝાનુલ મુબારક ગાળવા માટે "રાયપૂર" આવી જતું હતું અને સંપૂર્ણ એકાંત તથા એકાગ્રતા સહિત આ નાનકડા ગામમા, જેને નજીકના શહેરથી જોડતી કોઈ પાકી સડક અથવા વાહનવ્યવહારનું નામ પણ ન હતું, રમઝાનુલ મુબારકથી લાભાન્વિત થવામાં મશ્ગૂલ થઈ જતું હતું. એ ઝમાનામાં રાયપૂરની ખાનકાહની કૈફિયત અને શૈખ તથા શિષ્યોની હાલત શું હોતી હતી ? તેનો આછો ચિતાર મારા પુસ્તક 'સવાનિહે હઝરત મવલાના અબ્દુલ કાદિર રાયપૂરી (રહ.)માંથી મળી શકે છે. રાયપૂર ઉપરાંત ભદ્રહાઉસ (સહારનપૂર) જેલ રોડ (લાહોર) સ્થિત સૂફી અબ્દુલહમીદ સાહેબના મકાનમાં,ઘોડાગલી (કોહમરી–પાકિસ્તાન) અને ખાલસાજી કોલેજ (લાયલપૂર)માં પણ એવી શાન સાથે અનેકવાર રમઝાનુલ મુબારક વિત્યાં કે સેંકડો ખાદિમો અને સ્નેહીઓનો સમૂહ રહેતો હતો, અને ઝિક્ર, તિલાવત, ઈબાદાતથી વાતાવરણ મહેંકી ઊઠતું.

આ મુબારક પ્રણાલીને જીવંત અને વ્યાપક બનાવવાનું સદ્ભાગ્ય તે વિભૂતિને સાંપડયું જેમના થકી પોતાના પૂરોગામી બુઝુર્ગોના કારનામાઓની હિફાઝત, અનેક લાભદાયક કિતાબોનું આલેખન અને કેટલાક અપૂર્ણ કાર્યોની તકમીલની ખિદમત અલ્લાહ તરફથી નિર્ધારિત થઈ ચૂકી હતી. શૈખુલ હદીષ હઝરત મવલાના મુહમ્મદ ઝકરિય્યહ રહ.એ મુખ્લિસીન અને તા'લિબીનના મોટા સમૂહના કારણે જેઓ ખાસ કરીને રાયપૂર, થાનાભવન ખાલી થઈ જવાના કારણે અને હઝરત મદની રહ.ની વફાતના કારણે તરબિયત અને ઈસ્લાહના ઈચ્છુક હતા અને એકાગ્ર થઈ કયાંક રમઝાનુલ મુબારક ગાળવાના તીવ્ર શોખીન હતા, હિજરી સન ૧૩૮૫થી સહારનપૂરમાં દારૂત્તલબા– જદીદ મઝાહિરૂલ ઉલૂમની વિશાળ મસ્જિદમાં પુરા રમઝાન મહિનાના એઅ્તિકાફનો ક્રમ બનાવી લીધો. તા'લિબીન અને સ્નેહીજનો તીવ્ર ગતિએ આ તરફ વળ્યા અને અહીંયાં રોકાણ કરનારાઓની સંખ્યા સતત વધતી ગઈ.

આ લખનારને હિજરી સન ૧૩૮૮ અને હિજરી સન ૧૩૯૦માં (હિજરી સન ૮૯નો રમઝાન માસ હઝરત શૈખુલ હદીષ રહ.એ મકકા મુકર્રમહ અને મદીના તૈય્યિબહમાં વીતાવ્યો, આ લખનાર નાચીઝને પણ અડધો રમઝાન મહીનો એ દિવસોમાં મકકા મુકર્રમહમાં વીતાવવાનું સૌભાગ્ય સાંપડયું, એનું વર્ણન "આપ બીતી, ભાગ–૪"માં જોઈ શકાય છે.)સહારનપૂર હાજર થઈ થોડાક દિવસ હઝરત (રહમતુલ્લાહિ અલયહિ)સાથે રહેવાની તક મળી, આવતા–જતાં મહેમાનો સિવાય મોટી સંખ્યામાં એ'અતિકાફ કરનારાઓ જોવા મળતા હતા. સરેરાશ ૩૦૦ થી

૩૫૦ ની સંખ્યા તો સામાન્યપણે રહેતી હતી. હિંદ–પાક ઉપરાંત હરમૈન શરીફૈન, તુર્કી, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લૅન્ડથી પણ લોકો હઝરત (રહમતુલ્લાહિ અલયહિ)ના મુબારક સંગાથમાં રમઝાનુલ મુબારક ગાળવા પધારતા હતા અને આ તમામની મહેમાનગતિ પણ હઝરત રહ. જ કરતા હતા.જુદા જુદા દેશોના, ભિન્ન–ભિન્ન સ્વભાવના, અલગ અલગ પ્રકારનું જીવન ધોરણ ધરાવતા મહેમાનોની પરોણાગત અત્યંત નાઝુક અને અઘરુ કાર્ય છે, વળી રમઝાનુલ મુબારકમાં તો રોઝાદારોની તબિયતમાં ઔર નઝાકત આવી જાય છે, પરંતુ હઝરત શૈખ રહ.ના ખાસ ખાદિમો જેવાકે મવલાના નસીરુદ્દીન સાહેબ,(ઝી. મ.) મવલાના મુનવ્વર હુસૈન સાહેબ (ઝી.મ.), મવલાના કિફાયતુલ્લાહ પાલનપુરી સાહેબ (ઝી. મ.)વગેરે ધન્યવાદ અને દુઆના હકદાર છે કે તેઓ સંપુર્ણ ઉત્સાહ, ચીવટ, સાવચેતી અને હ્રદયભાવના સહિત આ તમામ મહેમાનોની ખૂબ સેવા–ચાકરી કરતા હતા. આ અંગેની વિસ્તૃત છણાવટ "સવાનિહે યુસૂફી"ના તે ભાગમાં જોઈ શકાય છે જેમાં હઝરત શૈખ રહ.ની કારકિર્દીનું વર્ણન છે.

*હઝરત મવલાના તકીયુદ્દીન નદવી રહ.ની કિતાબ સોહબતે બા અવલિયામાંથી.*

નોંધ : આ ખાનકાહી સિલસિલો હવે તો દેશ વિદેશમાં અનેક સ્થળોએ ફેલાય ગયો છે. આફ્રિકા, અને યુરોપમાં અનેક સ્થળોએ રમઝાનમાં માસમાં ખાનકાહી પ્રોગ્રામનું આયોજન કરવામાં આવે છે અને એની જ બરકતથી બહોળા પ્રમાણમાં એતેકાફની સુન્નત પણ જીવંત થઈ ગઈ છે. ગુજરાતમાં ડાભેલ, કંથારીઆ, સુરત, અંકલેશ્વર અને જામિઅહ જંબુસરમાં વગેરે સ્થળોએ વરસોથી મોટા બુઝુર્ગોની સરપરસ્તીમાં ખાનકાહી વ્યવસ્થા સાથે રમઝાન માસ ગુઝારવાનો એહતેમામ કરવામાં આવે છે. જામિઅહના હમદર્દ અમારા દોસ્ત જ. અબ્દુર્રહમાન ભાઈ મેમી દર વરસે અમને ઉત્તર અમેરિકા ખંડના કેનેડા જેવા દૂરના દેશોમાં રોશની આપતી આ ખાનકાહી વ્યવસ્થાની રિપોર્ટ મોકલાવે છે. હઝરત શૈખુલ હદીસ રહ.ના ખલીફા મવલાના ડો. ઈસ્માઈલ સા.ની સરપરસ્તીમાં પહેલાં અમેરિકામાં અને હવે કેનેડા ખાતે પાછલા ૧૧ વરસથી ખાનકાહી પ્રોગ્રામનું આયોજન થાય છે અને રમઝાનમાં સેંકડો લોકો એનાથી લાભ ઉઠાવે છે.

આપણે ત્યાં બે ત્રણ વરસથી રમઝાન માસ ઉનાળા વેકેશનના દિવસોમાં આવે છે, મુસલમાનોએ આ મોકાથી લાભ ઉઠાવીને આખો રમઝાન માસ અથવા છેલ્લો અશરહ કોઈ ખાનકાહમાં જ પસાર કરવો જોઈએ, જેથી બુઝુર્ગોની સોહબતની બરકત મળે, એકચિત્તે રમઝાનની ઈબાદત થાય, દુનિયાદારીમાં આખી જિંદગીમાં પસાર થઈ જાય છે, તો અમુક દિવસો બધું એક તરફ મુકીને અલ્લાહ તઆલાની ઈબાદત માટે જ નક્કી કરી દઈએ તો કયામતના દિવસે એ આપણું મોટું ભાથું બનશે. ઈન્શાઅલ્લાહ. ••••

# ફરજ નમાઝ પછી દુઆ જોરથી કે ધીમેથી ?

*–– મુફ્તી મુહમ્મદ શફીઅ સા. રહ.*

અરબીમાં 'દુઆ' (દુવા)નો અર્થ કોઈને મદદ માટે પુકારવા માટે વપરાય છે અને ફકત યાદ કરવાના અર્થમાં પણ વપરાય છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : اُدْعُوا رَبَّكُمْ , તમે તમારા પરવરદિગારને મદદ માટે પોકારો.. એટલે કે ફકત અલ્લાહ તઆલા પાસે જ મદદ માગો. અથવા ... પોતાના પરવરદિગારને યાદ (ઈબાદત) કરો એટલે કે ફકત અલ્લાહ તઆલાની જ ઈબાદત કરો.

કુરઆનમાં અલ્લાહ તઆલાએ દુઆ કરવાના બે અદબો – નિયમો પણ વર્ણવ્યા છે : تَضَرُّعاً وَّ خُفْيَةً .. એટલે કે દુઆ કુબૂલ થવા માટે જરૂરી છે કે માણસ અલ્લાહ તઆલા સમક્ષ આજિઝી, નમ્રતા અને પોતાની તુચ્છતા દર્શાવીને અલ્લાહ તઆલા પાસે મદદ માંગે. દુઆના શબ્દોમાં પણ નમ્રતા અને આજિઝી હોય અને અવાઝ પણ નમ્રતા ભર્યો હોય. અને ચુપચાપ, ધીરે રહીને, છુપાયને દુઆ માંગો.

કુરઆન શરીફ મુજબ 'દુઆ'ના આ અર્થ અને મતલબથી પુરવાર થાય છે કે આજકાલ લોકો જે પ્રમાણે દુઆ માંગે છે એ કોઈ 'દુઆ માંગવા'નું કામ છે જ નહીં. બલકે એને 'દુઆ પઢવું' કહી શકાય. કારણ કે વધુ પડતા લોકોને ખબર પણ નથી હોતી કે અને મોઢેથી જે શબ્દો બોલી રહયા છે એનો અર્થ – મતલબ શું થાય છે. ?

આજકાલ મસ્જિદોમાં ઈમામોની પણ આ જ આદત છે કે અમુક અરબી દુઆઓ એમને યાદ હોય છે એ નમાઝ પૂરી થાય છે ત્યારે પઢી લે છે. વધુ પડતા આવા ઈમામોને પણ દુઆના શબ્દોનો અર્થ – મતલબ ખબર નથી હોતો. અને કદાચ ઈમામ સાહેબને અર્થ ખબર હોય તો મુકતદીઓને તો બિલ્કુલ ખબર નથી હોતી. તેઓ તો કંઈ પણ સમજયા વગર ઈમામના શબ્દો પાછળ આમીન આમીન કહયા કરે છે. આ બધા તમાશાનો ખુલાસો અમુક શબ્દો પઢવા સિવાય બીજું કંઈ નથી. દુઆ માંગવાનો કોઈ મકસદ અહિંયા

સાર્થક નથી થતો.

અલ્લાહ તઆલા પોતાની મહેરબાની અને કરમથી આવા શબ્દોને પણ કુબૂલ ફરમાવીને દુઆ કુબૂલ થવાનું ઈનામ આપે, એ અલગ વાત છે. પણ માણસે યાદ રાખવું જોઈએ કે દુઆ પઢવાની વસ્તુ નથી, માંગવામાં આવે છે અને એના માટે જરૂરી છે કે માંગવાનો ઢંગ અને રીત પણ અપનાવવામાં આવે

બીજી વાત આ છે કે કોઈ માણસને દુઆના શબ્દોનો અર્થ – મતલબ ખબર હોય અને અર્થ સમજીને જ દુઆ માંગતો હોય છતાં એનો અંદાઝ, દેખાવ અને ઢંગ આજિઝી, ફકીરી વાળો ન હોય તો આ દુઆ ફકત એક 'માંગ' કહેવાશે, અને અલ્લાહ તઆલા સમક્ષ 'માંગ' કરવાનો કોઈ બંદાને અધિકાર નથી. ખુલાસો આ થયો કે અલ્લાહ તઆલાએ દુઆની રૂહ આ બતાવી છે કે આજિઝી – નમ્રતા સાથે માંગવામાં આવે અને બીજી વાત આ દર્શાવી છે કે ધીરેથી, ચુપચાપ દુઆ માંગવી અફઝલ છે અને કુબૂલ થવામાં મદદરૂપ છે. જોરથી દુઆ માંગવામાં આજિઝી દેખાવી મુશ્કેલ છે. એમાં રિયાકારી – આડંબરની શકયતા પણ છે. અને એવું લાગે છે કે આ માણસને ખબર નથી કે અલ્લાહ તઆલા બધું જ સાંભળનાર – જાણનાર છે. આપણા અંદર – બહારને સારી રીતે જાણે છે. દરેક વાત, ધીમી હોય કે જોરથી, સાંભળે છે.

ખયબરની લડાઈ વેળા દુઆ કરવામાં સહાબએ કિરામ રદિ.નો અવાઝ ઝરા ઉંચો થઈ ગયો તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું : તમે કોઈ બેહરા કે હાજર ન હોય એવા ખુદાને નથી પુકારતા, કે તમારે આટલા ઊંચા અવાઝે દુઆ કરવી પડે. બલકે એક અતિ નિકટ અને સઘળું સાંભળનાર ખુદાને તમે પોકારો છો. કુરઆનમાં અલ્લાહ તઆલાએ એક નેક માણસની દુઆ માંગવાની રીત વર્ણવી છે કે وإِذْ نَادىٰ رَبَّهٗ نِدَاءً خَفِيًّا "એણે પોતાના પરવરદિગારને ધીમા અવાઝે પુકાર્યા." આનાથી પુરવાર થાય છે કે અલ્લાહ તઆલાને ધીમે રહીને દુઆ કરવામાં આવે એ પસંદ છે.

હઝરત હસન બસરી રહ. ફરમાવે છે કે જોરથી દુઆ માંગવા કરતાં ધીમેથી દુઆ માંગવી સિત્તેર ગણી અફઝલ છે. બુઝુર્ગોની આદત હતી કે ઝિક્ર – દુઆમાં ઘણી જ મહેનત કરતા હતા. એમાં ઘણો લાંબો સમય પસાર કરતા, પણ કોઈ એમની અવાઝ પણ સાંભળી શકતું ન હતું. એમની દુઆઓ ફકત એમના અને ખુદા તઆલાના વચ્ચે જ રહેતી હતી. ઘણા બુઝુર્ગો આખું કુરઆન

પઢી જતા પણ કોઈને ખબર પણ ન પડતી હતી. ઘણા બુઝુર્ગો ઈલ્મે દીન હાસિલ કરતા હતા પણ લોકો સામે એનો દેખાડો ન કરતા હતા. ઘણા લોકો રાત દરમિયાન લાંબી નમાઝો પઢતા પણ એમના ઘરે આવનારને પણ ખબર પડતી ન હતી. અને પછી હઝ. હસન બસરી રહ.એ ફરમાવ્યું કે, અમે ઘણા એવા લોકોને જોયા છે કે જે ઈબાદતને તેઓ ચુપચાપ – છુપાયને કરી શકતા હોય, એ ઈબાદત કદી પણ જાહેર રીતે ન અદા કરતા હતા. દુઆમાં એમનો અવાઝ ઘણો જ ધીમો રાખતા હતા. (ઈબ્ને કષીર, તફસીરે મઝહરી)

ઈબ્ને જુરૈઝ રહ. ફરમાવે છે કે દુઆમાં અવાઝ બુલંદ કરવી અને શોર કરવો મકરૂહ છે. ઈમામ અબૂબક્ર જસ્સાસ હનફી રહ.એ અહકામુલ કુરઆનમાં લખ્યું છે : આ આયત ()થી પુરવાર થાય છે કે જોરથી દુઆ માંગવા કરતાં આહિસ્તા દુઆ કરવી વધારે અફઝલ છે. હઝરત હસન બસરી રહ. અને ઈબ્ને અબ્બાસ રહ.નું પણ આ જ મંતવ્ય છે. આ આયતથી આ પણ પુરવાર થયું કે નમાઝમાં સૂરએ ફાતિહા પછી જે આમીન કહેવામાં આવે છે એ ધીમેથી કહેવી જોઈએ. કેમ કે 'આમીન' પણ એક દુઆ છે.

આજકાલના મસ્જિદોના ઈમામોને અલ્લાહ તઆલા હિદાયત આપે, કુરઆન અને હદીસની આ તાકીદ અને પાછલા બુઝુર્ગોની વાત બિલ્કુલ ભુલાવી દીધી છે. દરેક નમાઝ પછી દુઆના નામે દેખાવ પુરતી એક રસમ અદા કરવામાં આવે છે. ઊંચા અવાઝે અમુક શબ્દો પઢવામાં આવે છે. જે દુઆના અદબ વિરુદ્ધ તો છે જ, એમાં જે લોકોની રકાત છુટી ગઈ હોય એવા નમાઝીઓની નમાઝમાં ખલલ – અને ગડબડ પણ થાય છે. આ રીત – રસમ એવી ફેલાય ગઈ છે કે લોકોને એની બુરાઈ અને ખરાબીઓ નજર નથી આવતી અને સમજાતી પણ નથી.

અમુક – તમુક વિશેષ અવસરે આખી જમાત – સમુહને દુઆ કરવી હોય, એવા સમયે એક માણસ ઊંચા અવાઝે દુઆના શબ્દો અદા કરે અને બીજાઓ આમીન કહે, તો એનો વાંધો નથી. એમાં પણ આ શરત છે કે આમ કરવાથી બીજા લોકોની નમાઝ – ઈબાદતમાં કોઈ ખલલ ન પડે. અને આમ કરવાની એવી આદત ન બનાવે કે લોકો પછી એમ સમજે કે આ જ દુઆ કરવાની સાચી રીત છે. જેમ કે આજકાલ આ બાબત સામાન્ય છે. (મઆરિફુલ કુર્આન : ૩/૫૭૯, સૂરએ અઅરાફ, આયત : ૫૫) ● ● ● ● ●

# ગુનાહોના કારણે મુસીબતો હદીસની રોશનીમાં

હઝરત અકદસ શૈખુલ હદીસ મવલાના ઝકરિયા રહ.ની કિતાબ 'ઇસ્લામી સિયાસત'નો ક્રમશ અનુવાદ • *મુફતી ફરીદ અહમદ કાવી*

આ વિષયે જે હદીસો અત્રે વર્ણવીએ છીએ, એનું ધ્યાનપૂર્વક અને વારંવાર વાંચન કરવું આવશ્યક છે.

عن علی رضی الله عنه قال رسول الله صلی الله علیه و سلم: إذا فعلت أمتی خمس عشرة خصلة فقد حل بها البلاء وقیل وما هی یا رسول الله؟ قال: إذا کان المغنم دولا والأمانة مغنما والزکاة مغرماوأطاع الرجل زوجته وعق أمه وبر صدیقه وجفا أباه وارتفعت الأصوات فی المساجد وکان زعیم القوم أرذلهم وأکرم الرجل مخافة شره وشربت الخمور و شهد بالزور ولبس الحریر واتخذت القینات والمعازف ولعن آخر هذه الأمة أولها فلیرتقبوا عند ذلك ریحا حمراء أو خسفا أو مسخا.

હઝરત અલી રદિ. રિવાયત ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ફરમાવે છે : જયારે મારી ઉમ્મત આ પંદર કામો કરવા માંડશે તો એના ઉપર મુસીબતો ઉતરવા માંડશે. (૧) ગનીમતનો (કોમનો સામુહિક) માલ વ્યકિતગત માલ ગણાવા માંડે. (૨) અમાનતોને મફતનો માલ સમજવામાં આવે. (૩) ઝકાત આપવાને બોજ અને અઘરું સમજવામાં આવે. (૪–૫) પત્નિની વાત માનવામાં આવે અને માં ની વાતનો અનાદર કરવામાં આવે. (૬–૭) દોસ્તો સાથે સદવર્તન કરવામાં આવે અને બાપ સાથે અન્યાય – અપમાન કરવામાં આવે. (૮) મસ્જિદોમાં ઊંચા અવાજે વાતો કરવામાં આવે. (૯) બદનામ – બુરા કામો કરનાર લોકો સમાજના નેતા – જવાબદાર બને અને બનાવવામાં આવે. (૧૦) કોઈ માણસ સન્માનને પાત્ર ન હોય છતાં ફકત એની બુરાઈથી બચવા ખાતર જ એનું સન્માન કરવામાં આવે. (૧૧)

જાહેરમાં દારૂ પીવામાં આવે. (૧૨) જૂઠી ગવાહીઓ આપવામાં આવે. (૧૩) પુરૂષો રેશમના કપડાં પહેરવા માંડે. (૧૪) સ્ત્રીઓને ગાયિકા અને નાચ – ડાન્સ માટે રાખવામાં, તૈયાર કરવામાં, બોલાવવામાં આવે. અને વાંજા – વાજિંત્રો વગાડવામાં આવે. (૧૫) ઉમ્મતના પાછળના લોકો આગળા લોકો (બુઝુર્ગો, સહાબા, તાબેઈન વગેરે)ને બુરૂં ભલું કહેવા માંડે. જયારે આવું થવા માંડે તો પછી ભયાનક વાવાઝોડાં, ધરતીકંપો – ભુસ્ખલન અને ચહેરાઓ બગડી જવાના અઝાબની રાહ જુઓ.

و عن أبی هريرة رضی الله عنه قال، قال رسول الله ﷺ إذا التخذ الفئی دولًا و الأمانة مغنماً والزكوة مغرماً و تعلم لغير الدين و أطاع الرجل إمرأته و عق أمه و أدنی صديقه و أقصی أباه و ظهرت الأصوات فی المساجد و ساد القبيلة فاسقهم و كان زعيم القوم أرذلهم و أكرم الرجل مخافة شره و ظهرت القينات و المعازف و شربت الخمور و لعن آخر هذه الأمة أولها، فليرتقبوا عند ذلك ريحاً حمراء و زلزلةً و خسفاً و مسخاً و قذفاً و آيات تتابع كنظام بالٍ قطع سلكه فتتابع ، رواهما الترمذی، و ذخرهما فی المشكوة بروايته و ذكر صاحب الإشاعة حديث علی بأطول منهما و فی مجمع الزوائد من حديث عوف بنحوه و قعدت الحملان علی المنابر و اتخذ القرآن مزامير .

બીજી હદીસમાં છે કે જયારે બયતુલ માલ (કોમનો સામુહિક માલ) વ્યકિતગ દોલત સમજી લેવામાં આવે, અમાનતને મફતનો માલ ગણી લેવામાં આવે, ઝકાતને ટેકસની જેમ અઘરી સમજવામાં આવે. દીન ખાતર ઈલમ શીખવામાં ન આવે. (બલકે દુન્યા કમાવા, કે હોદ્દો મેળવવાના આશયે ઈલ્મ શીખવામાં આવે) પત્નિની વાત માનવામાં આવે અને માં ની નાફરમાની, દોસ્તોની નિકટતા અને બાપથી કટુતા, મસ્જિદોમાં શોર મચાવવામાં આવે, ફાસિક – પાપી લોકો સરદાર બની જાય. સમાજનો બદનામ – બદકાર માણસ સમાજનો નેતા બની જાય. બુરાઈથી બચવા ખાતર માણસનું સન્માન કરવામાં આવે, ગાયિકાઓ અને વાંજિત્રો પ્રચલિત થઈ જાય. શરાબ પીવામાં આવે. અને ઉમ્મતના પાછલા લોકો આગલા બુઝુર્ગોની બુરાઈ કરે તો આ

ઝમાનામાં લાલ આંધી, ધરતીકંપ, જમીન ફાટવા, ચહેરાઓ બદલાય જવા અને આસમાનેથી પથ્થરો વરસવાની રાહ જુઓ.

ત્રીજી એક હદીસમાં પણ આવી જ વાત કહેવામાં આવી છે, અને એમાં આ પણ છે કે જયારે નાના બાળકો મિમ્બર ઉપર બેસીને વઅઝ કરવા માંડે અને કુરઆનને પણ (ગાવાની) પીપુડી બનાવી લેવામાં આવે.

ફાયદો : નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જે બાબતો ગણાવી છે એમાંથી કોઈ બાબત એવી છે જે આ ઝમાનામાં પૂરી રીતે પ્રચલિત ન હોય. એક એક બાબત અલગ અલગ કરીને જુઓ, અને દુનિયા ઉપર નજર કરો તો સ્પષ્ટ દેખાશે કે આખી દુનિયા આ બધા કામોમાં જ મસ્ત છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ. ફરમાવે છે કે જે કોમમાં ખયાનત પ્રચલિત થઈ જાય અલ્લાહ તઆલા એના દિલોમાં દુશ્મનનો ખોફ બેસાડી દે છે, અને જે કોમમાં ઝીના વધી જાય એ કોમમાં મૃત્યુ દર વધી જાય છે. અને જે સમાજ માપ – તોલમાં કમી કરવા માંડે તો એની રોઝી ઘટાડી દેવામાં આવે છે. અને જે સમુહ સત્ય વિરુદ્ધ ફેસલા કરવા માંડે તો એમના અંદર હત્યાઓ વધી જાય છે. અને જે લોકો વાયદા અને શપથો તોડવાનો ગુનો કરે તો અલ્લાહ તઆલા એમના ઉપર કોઈ શત્રુને થોપી દે છે. (મિશ્કાત)

હઝરત ઈબ્ને ઉમર રદિ. ફરમાવે છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે એકવાર વિશેષ રીતે મુહાજિર લોકોને સંબોધન કરીને ફરમાવ્યું કે, હે મુહાજિર લોકો ! પાંચ કામો એવા છે કે જયારે તમે એમાં સપડાશો તો (ખુદા ન કરે કે તમે એમાં સપડાઓ) એના અઝાબમાં પણ તમે સપડાશો. જે કોમમાં નિર્લજતાના કામો (ઝીના જેવા) જાહેરમાં થવા માંડે તો એ કોમમાં પ્લેગ અને બીજી એવી નવી બીમારીઓ ફેલાશે જે પહેલાં કદી સાંભળવામાં ન આવી હોય. જે લોકો માપ તોલમાં ગરબડ કરશે તેઓ દુકાળ, મુસીબત અને રાજાના અત્યાચારોનો શિકાર બની જશે. જે લોકો ઝકાત આપવાનું બંધ કરી દેશે એમના ઉપર વરસાદ પણ રોકી લેવામાં આવશે. અને મુંગા જાનવરો ન હોત તો બિલકુલ વરસાદ ન પડત. જે લોકો અલ્લાહ અને એના રસૂલના આદેશો – કરારોને તોડશે તેઓ દુશ્મનોમાં ફસાઈ જશે. જે લોકો ખોટા આદેશો – કામો કરશે તેઓ પરસ્પર લડાઈ (ગૃહયુદ્ધ)માં સપડાશે.(તરગીબ)

અનેક હદીસમાં આ વાત કહેવામાં આવી છે કે ઝીના વધી જવાથી ગરીબી આવે છે.

એક હદીસમાં નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનું કથન છે કે, આ ઉમ્મતમાં એક સમુહ રાત્રે ખાવા – પીવા અને ખેલ – તમાશામાં પ્રવૃત રહેશે અને સવારે વાનર – ડુક્કર જેવા બની જશે. અને અમુક લોકોને જમીનમાં દટાય જવાનો અઝાબ આપવામાં આવશે. લોકો કહેશે કે આજે રાત્રે ફલાણું ખાનદાન દટાય ગયું, ફલાણું ઘર દટાય ગયું. અમુક લોકો ઉપર આસમાનેથી પથ્થર વરસાવવામાં આવશે, જેમ કોમે લૂત ઉપર વરસાવવામાં આવ્યા હતા. અમુક લોકો વાવાઝોડાંથી બરબાદ થશે. અને આ બધું કેમ થશે ? એના અસબાબ આ છે : શરાબ પીવાના કારણે. રેશનો લિબાસ પહેરવાથી. ગાનારીઓ રાખવા, બોલાવવા અને પસંદ કરવાના કારણે. વ્યાજ ખાવાના કારણે અને સગાઓ સાથે સંબંધ તોડવાના કારણે.

એક હદીસમાં છે કે જે ઈબાદતનો સવાબ સૌથી વધારે જલદી મળે છે એ સગાઓ સાથે સદવર્તન છે. બલકે અુમક લોકો ગુનેગાર હોય છે પણ સિલા રહમીના કારણે એમના માલમાં બરકત થાય છે અને અવલાદ પણ વધારે હોય છે. અને જે ગુનાના કારણે સૌથી વહેલો અઝાબ આવે છે એ ઝુલમ અને જૂઠી કસમ છે. એનાથી માલ પણ બરબાદ થાય છે અને ઓરતો વાંજણી થઈ જાય છે. અને આબાદીઓ ખાલી થઈ જાય છે એટલે કે મોત વધારે થશે અને નવી અવલાદ પેદા નહીં થાય.

એક હદીસમાં છે કે દરેક ગુનાનો અઝાબ અલ્લાહ તઆલા જયારે ચાહે ત્યારે આપે છે, અને ટાળી દે છે, પણ વાલિદૈનની નાફરમાનીનો અઝાબ ઘણો જ જલ્દી આવે છે એ જિંદગીમાં મરતાં પહેલાં એનો અઝાબ – વબાલ ભોગવવો પડે છે. (દુર્રે મન્થૂર)

નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે : તમે પાકદામન રહેશો તો તમારી ઓરતો પણ પાકદામન રહેશે. તમે તમારા વાલિદૈન સાથે નેકીનો વર્તાવ કરશો તો તમારી અવલાદ પણ તમારા સાથે નેકી કરશે. (દુર્રે મન્થૂર)

# જનાઝાની નમાઝ અને દફનવિધિ

*– અ. મજીદ કોઠી*

કોઈ મુસલમાનના મરણ પછી તેની જનાઝાની નમાઝ પઢવા ઉપરાંત જનાઝા સાથે કબ્રસ્તાન જઈને દફનવિધિમાં શામેલ થવાની હદીસોમાં ઘણી ફઝીલત છે. બલકે તેને આપ (સલ.) એ મુસલમાનોનો હક ફરમાવ્યો છે કે, (મુસલમાન) ના મૃત્યુ પછી તેની નમાઝે જનાઝહમાં શરીક થવું જોઈએ અને જનાઝાની સાથે સાથે કબ્રસ્તાન પણ જવું જોઈએ.

જો કે જનાઝાની નમાઝમાં શરીક થવું તથા જનાઝાની સાથે સાથે કબ્રસ્તાન જવું ફર્ઝે કિફાયા છે એટલે કે જો અમુક લોકો નમાઝ પઢી લેશે અથવા દફનવિધિમાં શામેલ થઈ જશે તો બધા પરથી તેની જવાબદારી ઉતરી જશે. એટલે કે જો તે જનાઝામાં શામેલ નહીં થાય તો ગુનેગાર થશે નહીં પરંતુ હાં, જો કોઈ શરીક થશે તો તેનો ઘણો સવાબ છે.

હઝરત અબૂ હુરૈરહ (રદિ.)ની રિવાયત છે :

"જે માણસ કોઈ (મુસલમાન)ની જનાઝાની નમાઝ પઢે, તો તેને એક કીરાત મળશે અને તે (જનાઝા)ના પાછળ પાછળ જશે અહીં સુધી કે તેની દફનવિધિમાં પણ હાજર રહેશે તો તેને બે કીરાત મળશે. જેનો સવાબ એક ઉહદ ડુંગર બરાબર હશે."

ઉલમાએ નોંધ્યું છે કે જન્નતની નેઅમતો અને આખિરતમાં મળનાર નેઅમતોને દુનિયાની નેઅમતો સાથે સરખાવી ન શકાય, જેને સમજાવવા માટે અલ્લાહના રસૂલ (સલ.) એ આવા શબ્દોનો ઉપયોગ કર્યો છે જે સામાન્ય રીતે દુનિયામાં પ્રચલિત છે. જેથી આપ (સલ.) એ જનાઝામાં હાજરીના સવાબને કીરાતનું ઉદાહરણ આપી સમજાવ્યો છે જે સોના – ચાંદીનું એક માપ છે પરંતુ સાથે સાથે આ પણ ફરમાવ્યું કે તેને દુનિયાના કીરાતની જેમ સમજવામાં ન આવે, જેની પ્રતિભા અને શાન ઉહદ પહાડ સમાન હશે.

ખુલાસો આ છે કે જનાઝાની નમાઝ પઢવાનો સવાબ અલગ છે અને દફનવિધિમાં શામેલ થવાનો સવાબ અલગ છે અને બંને કર્મોનો ઘણો સવાબ

છે. એક રિવાયતમાં છે કે

" જે માણસ (જનાઝો ઉઠાવતા પહેલા) મય્યિતના ઘરે જાય તેને એક કીરાત મળશે, ત્યાર પછી જનાઝાની પાછળ પાછળ ચાલે તેને (અલગથી) એક કીરાત, ત્યાર પછી જો જનાઝાની નમાઝમાં હાજરી આપે તો અલગથી એક કીરાત અને દફનવિધિ સુધી રાહ જુએ તો અલગથી એક કીરાત." (ફત્હુલ બારી : ૩/૧૯૪)

મતલબ કે ચારેવ આમાલ અલગ અલગ છે, દરેકનો સવાબ અલગ અલગ મળશે અને ઘણો સવાબ મળશે.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.)ને આ હદીસની ખબર ન હતી, જયારે અબૂ હુરૈરહ (રદિ.)ના માધ્યમથી ખબર પડી અને હઝરત આઈશા (રદિ.) એ પણ તેનું સમર્થન કર્યુ તો હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર (રદિ.) એ અફસોસ સાથે ફરમાવ્યું : "આપણે ખરેખર ઘણા કીરાત જતાં કરી દીધા !"

અન્ય એક હદીસમાં છે કે "મોમિનોને સૌથી પહેલા એક ખુશખબરી સંભળાવવામાં આવે છે કે તમે અલ્લાહના વલીને અલ્લાહની રઝા અને જન્નતની ખૂશખબરી આપો, તમારુ આવવું મુબારક ! અલ્લાહ તઆલાએ તારા જનાઝામાં શામેલ થનારાઓને બખ્શી દીધા. નમાઝે જનાઝહ પઢનારાઓની દુઆ કબૂલ ફરમાવી. (કન્ઝુલ ઉમ્માલ)

જનાઝાની નમાઝમાં અમુક લોકો આમ જ રિવાજ પ્રમાણે શામેલ થાય છે અને અમુકને તો નમાઝ પઢવાની વ્યવસ્થિત રીત પણ નથી આવડતી માટે જરા ધ્યાન આપી નમાઝનો તરીકો શીખી લેવો જોઈએ અને આટલા બધા સવાબને જતો કરવો જોઈએ નહીં અને નમાઝ અને દફનવિધિમાં શામેલ થવામાં અલ્લાહને રાજી અને ખૂશ રાખવાની નિય્યત કરવામાં આવે.

જનાઝાની નમાઝ પછી જનાઝાની પાછળ પાછળ ચાલી તેની દફનવિધિમાં હાજરી આપવી એક અલગથી નેક અમલ છે અને હઝરત મુજાહિદ (રહ.) ફરમાવે છે કે આ અમલ નફલી નમાઝથી પણ અફઝલ છે. (ફત્હુલ બારીઃ ૩)

---

શરઈ માર્ગદર્શન

# ફતાવા વિભાગ

મવ. મુફ્તી અસ્જદ
દેવલ્વી સાહેબ
તસ્દીક કર્તા
મવ. મુફ્તી અહમદ દેવલા
સદર મુફ્તી જામિઅહ જંબુસર

## સરકાર હસ્તગત જમીનની કીમત સાથે મળતા વ્યાજનો હુકમ ?

સવાલઃ શું ફરમાવે છે ઉલમાએ દીન અને મુફતીયાને કિરામ આ મસ્અલામાં, ઈરીગેશન (નહેર) યોજના હેઠળ સરકારે જમીન માલિકોની પરવાનગી વગર ખેતરોમાં નહેરો બનાવવા માટે જમીન માલિકોને જમીનની નજીવી રકમ આપવાનો ઓર્ડર કરી, જમીન હસ્તક કરી નહેરો બનાવેલી અને ઓર્ડર મુજબ રકમની ચૂકવણી કરેલી અને ખેડૂતોએ તે રકમ વાંધા સહિત લીધેલી, જેમાં મારી પણ લગભગ દોઢ બે વિંગા જમીન ગયેલી. સરકારી ઓર્ડર સાથે સહમત થઈ જમીનની યોગ્ય કિંમત ચૂકવણી માટે મેં ભરૂચના માનનીય જજ સાહેબની કોર્ટમાં અપીલ કરેલી, હાલમાં સદરહુ અપીલનો ચૂકાદો આવેલો છે જેમા જજ સાહેબે જમીનની કિંમત આંકી અપીલ જયારથી દાલખ કરેલી, ત્યારથી ચૂકાદો આવ્યો ત્યાં સુધી વ્યાજ સાથે રકમની ચૂકવણી કરવાનું ઠરાવેલ જેથી મને મુદલ રકમ કિંમત કરતા ઘણી વધુ રકમ વ્યાજ સ્વરૂપે મળેલ છે.

હાલમાં જમીનોની કિંમત લાખો રૂપિયા આવે છે તો કોર્ટે મંજૂર કરેલ કિંમત કંઈ જ નથી, એવું કહેવામાં આવે તો ખોટું નથી, તો સવાલ એ છે કે હાલના સંજોગો જોતા વ્યાજ સહીત મંજૂર કરેલી રકમને નહેરમાં ગયેલી કિંમત ગણી શકાય કે કેમ ? અને તેનાથી વકીલ વગેરેની ફીસ ચૂકવી શકાય કે નહી ? યોગ્ય જવાબ આપી આભારી કરશો.

**જવાબઃ** حامدًا و مصليًا ومسلمًا

સવાલમાં રજૂ કરવામાં આવેલ સૂરતમાં સરકાર શ્રી તરફથી નહેર યોજના હેઠળ આપની જે જમીન હસ્તક કરી લેવામાં આવી અને નજીવી કિંમત એના બદલા રૂપે આપવામાં આવી, તે ઉપર આપે વાંધો દર્શાવી, કોર્ટમાં કિંમત

બાબતે અરજી કરતા, કોર્ટે ફેસલો આપ્યો કે જમીન માલિકને નિયમ મુજબ કિમત તથા જમીન હસ્તક કરવાથી લઈ ચૂકાદા સુધીની મુદતનું સદર કિંમતનું વ્યાજ પણ આપવામાં આવે. આવી સૂરતમાં સરકાર તરફથી ચૂકવણી પેટે અસલ કિંમત સાથે વ્યાજના નામે જે રકમ મળે છે, તે શરઈ દ્રષ્ટિએ "વ્યાજ" નહીં કહેવાય, બલકે તે અસલ જમીન માલિકની હકની રકમ ગણાશે. આજ પ્રકારના એક સવાલના જવાબમાં હઝરત મવલાના મુફતી અ. રહીમ સાહબ લાજપુરી (રહ.) ફરમાવે છે "જબ માલિક નહીં બેચતા ઔર હુકૂમત કી મુતઅય્યનહ કિંમત પર રાજી નહીં હય કે યે અસલ કિંમત સે કમ હે, તો ઈસ હાલતમેં હુકૂમત કાશતકાર (ખેડૂત) કે પાસસે મુતઅય્યનહ કિંમત કે સાથ બતોરે સૂદી રકમ કે જો દિલવાતી હે, વો સૂદ નહીં હે, અસલ કિંમત તક જમીન કી કિંમત ઔર બદલા હે. (ફતાવા રહીમીય્યહ : ૯ / ૨૫૪)

જયારે કે મજકૂર રકમ આપના હકની છે તો આપના માટે તેને પોતાના ઉપયોગમાં લેવી, તથા વકીલની ફીસ વિગેરેની ચૂકવણી કરવું દુરૂસ્ત છે. ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.

*(તા. ૨૯, જુમાદલ ઉખરા, ૧૪૩૩ હિજરી – ૨૦/૫/૨૦૧૨ ઈસ્વી)*

## વેચાયેલ જમીનના નોંધણી – દસ્તાવેજમાં સહી કરવાના પૈસા માંગવા

સવાલ : આજથી આશરે ૪૦ વર્ષ પહેલા અમારા વાલિદ સાહેબે એક જમીન (એક એકર અને સોળ ગુંઠા) એક ભાઈ પાસેથી વેચાણ રાખી હતી અને સરકારી ધારા પ્રમાણે જમીન ઓછી હોય તેનો દસ્તાવેજ થઈ ન શકયો હતો અને તે વખતે પરસ્પરના વિશ્વાસને લઈ ખરીદ વેચાણનું કોઈ લખાણ કરવામાં આવ્યું ન હતું, હવે અમોએ મજકૂર જમીનની બાજુમાં બીજું ખેતર ખરીદેલ છે અને સરકારી કાયદા મુજબ બન્નેવ જમીનોનું દસ્તાવેજ સાથે થઈ થઈ શકે છે. જેથી અમે પહેલી જમીન વેચાણ આપનાર ભાઈના વારસદારોને સહી કરી આપવા વિનંતી કરી અને તેમાંથી ત્રણ દિકરાઓના વારસદારો રાજી – ખૂશીથી સહી કરી આપવા તૈયાર છે, જયારે કે ચાર પૈકીના એક દિકરાના વારસદારો પૈસા લીધા વગર સહી કરવાની ના પાડે છે, તો શું તે લોકોનું આ પ્રમાણે સહી ન કરી આપવું અને દસ્તાવેજ અટકાવવું યોગ્ય છે, તેમની પૈસાની

માંગણી શરીઅતની રૂએ જાઈઝ છે અને મજકૂર રકમ લેવી તેમના માટે હલાલ છે ? તેનો શરઈ હુકમ લખી જણાવવા અરજ છે.

જવાબ : (૨) حامدًا و مصليًا ومسلمًا

રજૂ કરેલી સૂરતમાં જયારે કે સદર જમીન પૈસાની માંગણી કરનારના મુરીષ (મર્હૂમ રિશ્તેદારે) વેચાણે આપને પોતાની હયાતીમાં જ આપી દીધી તો હવે આપ જ એના વેચાણે લીધેલ દિવસથી માલિક છો, આ જમીન ઉપર મર્હૂમોના વારસદારોનો કોઈ પણ પ્રકારનો હક લાગુ થતો નથી, જયારે તેઓનો કોઈ હક લાગતો નથી તો પછી એના ઉપર પૈસાની માંગણી કરવી, સદંતર ખોટી છે, બલકે તેઓના પોતાના મુરિષની (રિશ્તેદારની) વફાત પછી જવાબદારી બને છે કે જે હકદાર છે, તેને હક પહોંચતો કરે અને દસ્તાવેજ પર વિના ઈવઝ લઈ સહી કરી આપે, જેમકે વેચાણ પક્ષના હયાત હોવાની સ્થિતિમાં દસ્તાવેજ કરી આપવો, એની જવાબદારીમાં શામેલ છે કે આ પણ સરકારી દફતરે કબ્જો સુપ્રત કરવું છે, અને વેચાણ આપનારની જવાબદારી હોય છે કે વસ્તુની કિંમત મળી જતા, દરેક રીતે ખરીદનાર પક્ષને કબ્જાની સોંપણી કરી આપે અને કબ્જાની સોંપણી કરતા તેના ઉપર કોઈ પણ રીતનું મહેનતાણું લેવું એ રિશ્વતના હુકમમાં છે, જે કુર્આન અને હદીસની દ્રષ્ટિએ હરામ કૃત્ય છે.

અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે રિશ્વત લેનાર અને રિશ્વત આપનાર બંને પક્ષો પર લાનત ફરમાવી છે. માટે જયારે કે મર્હૂમ વેચાણ આપનાર ભાઈના વારસદારો મર્હૂમની જગ્યાએ હોય, તેઓની જવાબદારી છે કે તેઓ કોઈ પણ પ્રકારના ઈવઝ – પૈસા લીધા વિના દસ્તાવેજ કરી આપે, આ રીતના પૈસા લેવા તેઓ માટે હરામ છે, બલકે આ નાજાઈઝ તરીકાથી માલ હાસિલ કરવું છે, જેનાથી કુર્આને કરીમમાં સ્પષ્ટ શબ્દોમાં મનાઈ કરવામાં આવી છે.

*(મઆરિફુલ કુર્આન : ૨૯ પારા નં :૫) (શર્હુલ મજલ્લહ : ૧ / ૧૪૯ કાનૂન : ૨૯૨)*

*ફકત અલ્લાહ તઆલા વધુ જાણનાર છે.*

*(તા. ૮ / રજબ ૧૪૩૩ હિજરી – ૩૦ / ૫ / ૨૦૧૨)*

---

# મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ- જંબુસરમાં
# વિદાય તથા ઈનામ વિતરણ સમારંભ

મૌલાના મદની મેમોરીયલ હાઈસ્કૂલ–જંબુસરમાં તા.૨૨/૦૨/૨૦૨૦, શનિવારના રોજ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો વિદાય તથા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આનેપાકથી કરવામાં આવી હતી. ત્યારબાદ શાળાની વિદ્યાર્થીનીઓએ પ્રાર્થનાગીત રજૂ કર્યું હતું. શાળાના આચાર્ય જનાબ બી.આઈ.પટેલ સાહેબે ઉપસ્થિત મહેમાનોનું ભાવભીનું શાબ્દિક સ્વાગત કરી તેમનો પરિચય આપ્યો હતો અને સર્વે મહેમાનોનું પુષ્પગુચ્છ અર્પણ કરી આવકાર આપ્યો હતો. શાળાની વિદ્યાર્થીનીઓએ ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને વિદાય આપતું ગીત રજૂ કરી વાતાવારણને ગમગીન બનાવી દીધુ હતું.

જામિઅહ ઉલૂમુલ કુર્આન–જંબુસરના નાયબ મોહતમીમ જનાબ મુફતી અરશદ દેવલ્વી સાહેબે પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે મહેનત કરે છે તે કાંઈક પ્રાપ્ત કરીને જ રહે છે. વિદ્યાર્થીઓને મા–બાપ ઘણી આશાઓ સાથે મોકલતા હોય છે. આપણે એ આશાઓને પરિપૂર્ણ કરવી જોઈએ. પરીક્ષાથી ઈજ્જત મળે છે કે પછી નામોશી. જો મહેનત કરશો તો ઈજ્જત મળશે. તેમણે જીવનમાર્ગમાં સફળ થવા માટે સંદેશ આપતા જણાવ્યું હતું કે ડાળીને વૃક્ષથી કાપી નાખવામાં આવે તો સુકાઈ જાય છે. એવી જ રીતે સમાજ, સંસ્થા અને શિક્ષકોથી જોડાયેલા રહેશો તો જ જીવન હરિયાળુ બની રહેશે. તેમણે નાયબ સચિવ સાહેબનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે ઉચ્ચ હોદ્દાની પ્રાપ્તિ એ સખત મહેનતનું જ પરિણામ છે. તેમણે ફારસી કહેવતો દ્વારા વિદ્યાર્થીઓને સફળતાનો મંત્ર સમજાવ્યો હતો.

ત્યારબાદ ધોરણ ૧૧ તથા ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને મહેમાનોના હસ્તે ઈનામો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

અતિથિ વિશેષ તરીકે પધારેલા જામિઅહના ટ્રસ્ટી અને હાલ યુ.કે. નિવાસી જનાબ મૌલાના ઈકબાલ ઈસ્લામપુરી સાહેબે વિદ્યાર્થીઓને સફળતાના ત્રણ મંત્રો (૧)પરિશ્રમ (૨)સેવા અને (૩)દુઆ બતાવતા જણાવ્યું હતું કે માણસ પાસે શિક્ષણ હશે પરંતુ સંસ્કાર નહીં હોય તો તે સફળતા સુધી પહોંચી શકતો

નથી. સમય વહી જશે પછી પછતાવો કરવાનો કોઈ અર્થ નથી. આથી સખત મહેનત કરો. શિક્ષણને નોકરીની દ્રષ્ટિએ નહીં પરંતુ સારા માણસ, જીવન ઘડતર, સમજણ અને સંસ્કાર પ્રાપ્તિના હેતુથી મેળવવું જોઈએ. તેમણે એક અને નેક બનવાની વિદ્યાર્થીઓને નસીહત કરી હતી. સંસ્કારીતા, અખ્લાક, ઈન્સાનિયત અને માનવમુલ્યોની શિક્ષણ થકી સુવાસ ફેલાવવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. શાળા પરિવાર વતી તેઓનું શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્ય જનાબ બી.આઈ.પટેલ સાહેબે પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે આ સંસ્થાના ટ્રસ્ટીઓ એ સમાજની વર્તમાન જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આઈ.ટી.આઈ., સાયન્સ સ્કૂલ તથા ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ શરૂ કરી છે જે અત્યારે સિધ્ધિના સોપાનો સર કરી રહી છે. તેમણે વિદાય લેતા વિદ્યાર્થીઓને નસીહત કરતા જણાવ્યું હતું કે પરીક્ષા હાઉથી ડરવાની જરૂર નથી. મહેનત ગમે તેવા કઠિન કાર્યને પણ સરળ બનાવી દે છે. તેમણે વિદ્યાર્થીઓને શોર્ટકટ ન અપનાવવા અને પોઝીટીવ બની રહેવા જણાવ્યું હતું. તેમણે શાયરાના અંદાજમાં જણાવ્યું હતું કે આજે મુસ્લીમ સમુદાયમાં સરકારી હોદ્દેદારો ઓછા છે. આથી એવી મહેનત કરો કે લોકો તમને ઉંચા હોદ્દા ઉપર બેસેલા જોઈને તમને શોધતા આવે. જીંદગીમાં તમે જયાં પણ જાઓ ત્યાં વિવેક અને સંયમથી રહેજો. સારા સંસ્કારો થકી સારી છાપ ઉભી કરજો.

કાર્યક્રમના મુખ્ય મહેમાનપદેથી પ્રાસંગિક પ્રવચન આપતા નાયબ કાયદા સચિવ, ગુજરાત સરકાર–ગાંધીનગર ઉસ્માનભાઈ પટેલે જણાવ્યું હતું કે દીન અને દુનિયાની તાલીમ એક જ સંસ્થામાં મળી રહે તેવી વ્યવસ્થા કરનાર આ સંસ્થાના ટ્રસ્ટીઓને અભિનંદન છે. તેમણે કહયું કે જે સમાજમાં શિક્ષણ નથી તે સમાજ કયારેય આગળ વધી શકતો નથી. મુસ્લીમ સમાજના પછાતપણાનું કારણ પણ શિક્ષણ માટેની નિરસતા જણાવી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે ઉચ્ચ હોદ્દાઓ ઉપર મુસ્લીમોના ઘટતા પ્રમાણ અંગે ચિંતા વ્યકત કરતા જણાવ્યું હતું કે ઓછા પ્રમાણને લીધે મુસ્લીમોને સરકારના પૂરતા લાભો મળી શકતા નથી. તેમણે ઈનામ લેનાર વિદ્યાર્થીઓમાં દિકરીઓની સંખ્યા વધુ હોવાનુ જણાવી તેમને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે શાળા કક્ષાએથી જ કલાસ વન ઓફિસર બનવાની તૈયારીઓ શરૂ કરી દેવી જોઈએ. તેમણે વિદ્યાર્થીઓને મંઝીલ સુધી પહોંચવાનો રસ્તો બતાવતા જણાવ્યું હતું કે પ્રથમ ધ્યેય નકકી કરો

અને પછી તેને સિધ્ધ કરવા માટે તનતોડ મહેનત કરો. કશુંક પ્રાપ્ત કરવા માટે કસરત કરવી પડે છે. જેટલી મહેનત વધુ તેટલી સફળતા વધુ હોય છે. અને સફળતાનો કોઈ શોર્ટકટ હોતો નથી. તેમણે કન્યા શિક્ષણ ઉપર ભાર મુકતા જણાવ્યું હતું કે દિકરી બે ઘરને ઉજાળે છે. બે પરિવારોને લાભ થાય છે. આથી ખૂબ મહેનત કરી પગભર બનો. સાથે સાથે સમાજમાં બનતા બનાવોથી સાવધાન રહી સમાજનું નામ રોશન કરો. ઉસ્માન પટેલ સાહેબનું પણ શાલ અર્પણ કરી સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ સન્માન કર્યું હતું.

ત્યારબાદ ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓને ભેટ–સોગાત, ઈનામ આપી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તથા અતિથિ વિશેષનું પણ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના અધ્યક્ષપદેથી બોલતા મુફતી અહમદ યાકુબ દેવલ્વી સાહેબે જણાવ્યું હતું કે આ સંસ્થામાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ દીની વાતાવરણમાં શિક્ષણ પ્રાપ્ત કરે છે. ઉચ્ચ સંસ્કારો સાથે જીવન ઘડતરનું શિક્ષણ મેળવે છે. મને આનંદ છે કે વિદ્યાર્થીઓ આ સંસ્થામાં શિક્ષણ મેળવી તેમના ઉચ્ચ ભવિષ્યનું નિર્માણ કરે છે. અલ્લાહનો શુક્ર છે.

ત્યારબાદ તેમણે વિદ્યાર્થીઓના સારા ભવિષ્ય અને સફળતા માટે દુઆઓ ગુજારી કાર્યક્રમનું સમાપન થયું હતું.

કાર્યક્રમનું અધ્યક્ષપદ સંસ્થાના પ્રમુખ જનાબ મુફતી અહમદ યાકુબ દેવલ્વી સાહેબે શોભાવ્યું હતું. મુખ્ય અતિથિપદે ઉસ્માનભાઈ એ.પટેલ(નાયબ સચિવ, કાયદા વિભાગ, ગુજરાત સરકાર–ગાંધીનગર) હાજર રહયા હતા. જયારે અતિથિ વિશેષ તરીકે મૌલાના ઈકબાલ ઈસ્લામપુરી સાહેબ(સંસ્થાના ટ્રસ્ટી અને એન.આર.આઈ.) તેમજ મૌલાના હસન આદમ પટેલ અને બિઝનેસમેન ઈસ્માઈલભાઈ કડવા શેરપુરાવાલા(હાલ યુ.કે.) તથા જામિઅહના નાયબ મોહતમીમ મુફતી અરશદ સાહેબ, શહેરના શ્રેષ્ઠીઓ જુબેરભાઈ નોંધલા, કમુબાપુ, શાકીરભાઈ મલેક, ઈદ્રીસભાઈ સારોદવાલા, અબ્દુલભાઈ ડાયમંડ, અબ્દુલમજીદભાઈ સારોદી, બશીરખાન પઠાણ તેમજ વાલીઓ અને વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમને અંતે આઈસ્ક્રીમ ખવડાવી વિદ્યાર્થીઓને વિદાય આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના મ.શિક્ષક સારોદી યાકુબ તથા મેમણ અ.વાહિદે કર્યું હતું.

*અહેવાલ સંકલન : મો. મ.મેમો. હાઈ. જંબુસર*

બોધકથા..

બે રિટાયર્ડ વ્યકિતઓ આડોશ – પાડોશમાં રહેતા હતા. એક શિક્ષક અને બીજો ટેકનીશ્યન. બંનેએ પોતાના કંપાઉન્ડમાં સુંદર છોડવા રોપ્યા હતા અને સવાર સાંજ એની માવજત કરતા હતા. ટેકનીશ્યન એના છોડવાની ઘણી દેખરેખ રાખતો હતો, ખાતર, પાણી અને આવશ્યક બધી જ વસ્તુઓની તકેદારી લેતો હતો. જયારે શિક્ષક એના છોડવાઓને જરૂરતનું પાણી પાતો અને થોડી ઘણી સફાઈ કરી લેતો. એટલે શિક્ષક કરતાં ટેકનીશ્યનના છોડવા ઘણાં જ હર્યા – ભર્યા અને ફેલાયેલા હતા. શિક્ષકના છોડવા સૂકા કે કરમાયેલા તો ન હતા, સીધા ઉભા હતા પણ વધારે ભરાવદાર અને લહેરાતા પણ ન હતા.

એક રાત્રે નાનું વાવાઝોડું આવ્યું અને સવારે બંને પોત પોતાના કંપાઉન્ડમાં ગયા તો જોયું કે ટેકનીશ્યનના છોડવા બધા ઉખડીને જમીન ઉપર પડી ગયા છે અને શિક્ષકના બધા છોડ અડીખમ ઉભા છે. ટેકનીશ્યનને આ જોઈને નવાઈ લાગી, એ શિક્ષક પાસે આવીને પૂછવા લાગ્યો કે આવું કેમ ? આપણે બંનેએ એક સાથે સમાન છોડવા વાવ્યા હતા અને હું તો મારા છોડવાઓની ઘણી જ સાર સંભાળ રાખતો હતો, છતાં મારા છોડવા ઉખડી ગયા અને તમારી સાર સંભાળ ઓછી હતી છતાં તમારા છોડ બધા અડીખમ – સલામત છે !

શિક્ષકે જવાબ આપ્યો કે, હું મારા છોડવાને જરૂરતનું જ ખાતર – પાણી આપતો હતો, હું છોડવાઓને જમીનમાં મજબૂત – અડીખમ જોવા માંગતો હતો, અને એના માટે જરૂરી હતું કે દરેક છોડના મુળિયાં જમીનમાં અંદર સુધી ઉતરે અને ચારે તરફ ફેલાય જાય. મેં બહારથી ખપ પુરતું જ પાણી – ખાતર એમને આપ્યું એટલે છોડવાંની જડો અને મુળિયાં ભેજ શોધવા અંદર સુધી અને દૂર સુધી ફેલાય ગયાં, અને એના પ્રતાપે જ તેઓ વાવાઝોડામાં ટકી ગયાં. તમારા છોડવાઓને બધું ખાતર – પાણી બહારથી મળી જતું હતું એટલે મુળિયાં વધારે અંદર સુધી ઉતર્યા નહીં, પરિણામે એમની જડો મજબૂત ન બની અને તેઓ વાવાઝોડામાં ઉખડી ગયાં.

શિક્ષકો, વડીલો અને મુરબ્બીઓ માટે આ કહાની ઘણી ઉપયોગી છે. પોતાના બાળકો, શિષ્યો માટે બધું જ સરળ કરીને ઉપલબ્ધ ન કરાવી દયો. એમને આદત પાડો કે પોતાની જરૂરતોને પોતે પ્રાપ્ત કરતાં શીખે, એમને સંઘર્ષ અને પરિશ્રમ માટે કેળવો. આવી કેળવણી એમના અંદર આત્મવિશ્વાસ વધારશે, અને સંજોગો સામે લડી લેવાનો જોમ – જુસ્સો આપશે. તેઓ વિપરિત સંજોગોથી નાસીપાસ નહીં થાય અને આપ મેળે એમનું અસ્તિત્વ ટકાવી શકશે.

## The beauty of an Ummati is from their Akhlaq

Allah’s Nabi(sallallahu alaiyhi wassallam) has intimated that each ummati of his is beautiful. But this beauty is not due to colour or any such thing; rather the beauty of an ummati is from his (or her) akhlaq (character). Allah Ta’ala has said that a person’s akhlaq is a tremendous thing.

Akhlaq is that you do not cause the slightest suffering to the creation of Allah; Allah’s Nabi(sallallahu alaiyhi wassallam) himself gave a beautiful definition of it in the hadith:

“Love for your brother what you love for yourself.”

What a fine criterion. Think, would you like someone to swear at your mother or to abuse your brother or sister? Whenever you are about to say something bad to anyone, then immediately think how bad you would find it if it were said to you. Similarly, if you decide that you like something then wish the same for your brother.

It is not simply a matter of performing prostration, reciting the Quran and staying hungry all day long. Rather in this month of Ramadhan we should try to improve our akhlaq. We should try to improve relations with those whom we do not get on; we should seek forgiveness from those who are angry with us; and we should create such a feeling of brotherhood that the ummah becomes one in reality. Today this is the cause of the disunity which we have, though we pray in one row our hearts are filled with feeling like hate and insincerity. In fact this community of ours is so dirty that

we are ashamed to ask one another for forgiveness.

**Excellent Akhlaq**

Excellent akhlaq is that of Nabi Kareem (sallallahu alaiyhi wassallam). He lived in this type of society – with Christians and Jews. And he showed what is good akhlaq – not even enemies could fault him for his akhlaq. To this day no writer or historian has been able to criticise Nabi Kareem(sallallahu alaiyhi wassallam) for his akhlaq. And this is the one sign of a good person – that their akhlaq is excellent.

My friends from today let us make a promise to ourselves that we never let our akhlaq fall. Let us love the young and respect the old and if we have any insincerity or bad feeling in our hearts then let us ask Allah for forgiveness. Remember Allah Ta'ala has said, "If you take less from someone in this life then I will give you more in Paradise. If you ask someone to forgive you then I will give you a higher rank then them in Paradise. The more you make yourself humble amongst creation, the more I will raise your rank in Paradise." So do we want the dunya or do we want Paradise? I say we should wander the streets looking for people and apologising to them.

Now let me say that bad akhlaq is an illness of our inner selves. If you have heard one part of the Quran then have you become pious? Are your inner illnesses cured? The Quran is a cure for all humanity (not just the believers). And the Quran is there to cure our akhlaq. If I place a bottle of medicine before you, it can sit there for days and it will have no effect on you –

until you eat it.

When the light of the Quran and Sunnah shines on a gathering then people's hearts melt like wax. But when a person leaves the company of the friends of Allah Ta'ala , the hearts become hard again. So is there a medicine which will keep hearts soft even after leaving the company of the friends of Allah ? Rasoolallah (sallallahu alaiyhi wassallam) said that if you want to keep your hearts soft and cure the illness of bad akhlaq then you have to perform the dhikr of Allah !

Dhikr of Allah Ta'ala is the thing to improve akhlaq, do sincere dhikr of Allah Ta'ala and such a light will enter your heart that people will say what good akhlaq this person has.

---

**દુઆએ મગફિરત..**

જામિઅહના મરહૂમ ટ્રસ્ટી જનાબ હસનભાઈ પોપટ સારોદવાલાના અહલિયહ મોહતરમહ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયાં. ઈન્નાલિલ્લાહ.. જામિઅહ પરિવાર સમગ્ર સારોદવાલા ફેમીલીના આ ગમમાં શરીક છે અને મરહૂમહના પુત્ર સલીમ ભાઈ તેમજ અન્ય સગાઓની સેવામાં તઅઝિયત પેશ કરે છે અને દુઆ કરે છે કે અલ્લાહ તઆલા મરહૂમહની મગફિરત ફરમાવે. જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

દાહોદ ખાતે જામિઅહના મુહસિન જનાબ હાજી મુશ્તાક શેખ પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ.

પટેલ મુસાફિર ખાના મુંબઈના જ.સેક્રે. જનાબ ઈબ્રાહીમ પટેલ સા. પાછલા દિવસોમાં ઈન્તેકાલ ફરમાવી ગયા. ઈન્નાલિલ્લાહ. મરહૂમ જામિઅહના હમદર્દ અને શુભેચ્છક હતા. વરસમાં એક બે વાર જરૂર જામિઅહની મુલકાતે પધારતા હતા. અલ્લાહ તઆલા મરહૂમની મગફિરત ફરમાવે, ખિદમતોને કુબૂલ ફરમાવે અને જન્નતુલ ફિરદોસમાં ઉચ્ચ સ્થાન અતા ફરમાવે. આમીન.

## દીવારની જેમ..

દીવારની જેમ શકિતશાળી અને અડગ રહેવું ખબૂીની વાત છે, પણ પોતાની શકિતને દીવારની જેમ વાપરીને આડ – અવરોધ બની જવું અન્યાય અને જુલમ છે.

## જાહેરી અને બાતેની અવયવો

આસપાસને જોવા, માણવા, સમજવા માટે અલ્લાહ તઆલાએ જેમ અમુક જાહેરી અવયવો આંખ, કાન, નાક, વગેરે આપ્યા છે એમ અમુક બાતેની શકિતઓ પણ આપી છે, એટલે કે દિલ, દિમાગ, બુદ્ધિ, પાછલા અનુભવો વગેરે.. એટલે જ માણસે કોઈ પણ નિર્ણય જાહેરી – બાતેની જાણકારીના આધારે જ લેવો જોઈએ.

## માણસની સાચી ઓળખ

જેમ વસ્તુઓનો બાહય દેખાવ એની ઉપયોગિતા પુરવાર નથી કરતો, બલકે એની ઉપયોગિતા એની કાર્યક્ષામતા અને મજબૂતી ઉપર આધારિત હોય છે, એ જ પ્રમાણે માણસનો બાહય દેખાવ એની ઓળખ નથી આપતો, બલકે માણસનું વિચારો, કામો, અને અખ્લાક માણસની સાચી ઓળખ આપે છે.

## શુક્ર અને શિકાયત

એમ તો જરૂરત બંનેની પડે છે, પણ શુક્ર અને શિકાયતમાં શુક્રનું વજન વધારે હોય છે. અને દરબારે આલીમાં શિકાયત ત્યારે જ સાંભળવામાં આવે જયારે શુક્ર કરીને તમે પહેલેથી પોતાની ઓળખાણ બનાવી લીધી હોય.

## નસીહત અને તારીફ

સદા નસીહત કરતા રહેવાનો મતલબ છે કે તમે સામે વાળાને સદા ખોટો સમજો છો, માટે જેને નસીહત કરવી હોય એના સારો કામો જોઈને એની સરાહના પણ કરતા રહો, પછી કોઈ કામની નસીહત કરશો તો જરૂર અસરકારક નીવડશે.

## સારા નરસા લોકો

દુનિયાના સારા – નરસા દરેક લોકોથી કંઈ ને કંઈ મેળવતા રહો. સારા લોકો રસ્તો બતાવે છે અને નરસા લોકો એ રસ્તાના અવરોધો બતાવે છે.

## સમજદાર માણસ

જેમ માણસ પોતાને સમજદાર સમજે છે એ જ પ્રમાણે બીજાને પણ સમજદાર સમજે એ મહત્વનું છે. માણસ પોતાને સમજદાર સમજીને બીજાને નાસમજ સમજે છે અને પછી ટીકા, ટકોર કરવા માંડે છે ત્યારે સમસ્યા ઉભી થાય છે.

## નસીહત અને ગીબત

નસીહત એક એવી સાચી કિંમતી વાત હોય છે જેના તરફ આપણે કદી ધ્યાન નથી આપતા અને ગીબત એવી જૂઠી – બેકાર વાત હોય છે જેને આપણે હમેંશા શોખથી સાંભળીએ છીએ.